


# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર



યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



श्री ઉવસગ્ગહર સ્તોત્ર

: પ્રેરણા :

યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

**: પ્રેરણા :**

**યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.**


પ્રકાશક : પારસધામ મુંબઈ.

પ્રથમ આવૃતિ – સપ્ટેમ્બર ૨૦૧૧


**: પ્રાપ્તિ સ્થાન :**

**PARASDHAM**


Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Phone : 022-32043232.

12/2a, Bakulbagan Row,
Kolkata - 700 025.
Phone : 9831067208


**PAWANDHAM**


Opp. B.C.C.I Ground, Mahavir Nagar,
Kandivali (W), Mumbai - 400 067.
Phone : 022-32092277.

Old Padara Road, Hathibhai Nagar,
Vadodara - 390 007.
Phone : 0265-3293232.


**SHREE UVASAGGAHARAM SADHANA BHAVAN**


4, Africa Colony, Kalawad Road, Rajkot.
Phone : 0281-6548659


**Did you enjoy reading this book ?**

**Your feedback is valuable.**

**For feedback and review email us at**

**gparsdham@yahoo.com**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પરમાત્મા પાર્શ્વનાથની પાવન સ્તુતિ. | ૦૦૧ |
| ૨. | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો ઉદ્ભવ. | ૦૦૬ |
| ૩. | શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર અર્થ-ભાવાર્થ. | ૦૧૦ |
| ૪. | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રને બોલવાની લયબધ્ધ પધ્ધતિ. | ૦૧૯ |
| ૫. | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની પ્રભાવકતા. | ૦૨૧ |
| ૬. | શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર યંત્ર પૂજન. | ૦૨૪ |
| ૭. | સર્વ સંકલ્પ સિધ્ધિદાયક સિધ્ધ પીઠિકા. | ૦૩૧ |
| ૮. | ડીવાઈન માળાનું મહત્ત્વ. | ૦૩૩ |
| ૯. | Uvasaggaharam gave ME new LIFE. | ૦૪૨ |



# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં,
વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં...
વિસહર કુલ્લિંગમંતં, કંઠે ધારેઇ જો સચા મણુઓ;
તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરાજંતિ ઉવસામં...
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુ ફલો હોઇ;
નર તિરિયેસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં...
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણી કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં...
ઇઅ સંથુઓ મહાયશ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ;
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ...

# પરમાત્મા પાર્શ્વનાથની પાવન સ્તુતિ...

જ્યારે હૃદયમાં ભાવ, ભક્તિ અને શ્રધ્ધા જન્મે છે, ત્યારે સ્તુતિ સહજ બની જાય છે. જ્યાં આપણું ખેચાણ હોય.. જ્યાં પ્રિયતાનું વેદન હોય ત્યાં પ્રાર્થના સહજતાથી થઈ જાય છે.

તમે એક અજાણી વ્યક્તિ સાથે વાત કરો અને તમે તમારી પ્રિય વ્યક્તિ સાથે વાત કરો... બંનેમાં ફરક શું હોય ? એકમાં માત્ર કામ પૂરતું કામ છે જ્યારે બીજામાં પ્રેમની અનુભૂતિ છે... પ્રિયતાનું સંવેદન છે... એટલે વાત કરતી વખતે શબ્દોમાં... ભાવોમાં... અભિવ્યક્તિમાં અલગ પ્રકારનાં સંવેદન હોય છે.

**જેના પ્રત્યે હૃદયમાં આકર્ષણ જન્મે ત્યારે જો સામી વ્યક્તિ શુધ્ધ હોય તો જે થાય તેને 'ભક્તિ' કહેવાય અને જો સામેવાળું પાત્ર શુધ્ધ ન હોય તો જે થાય તેને 'રાગ' કહેવાય.**

આપણે નિમિત્ત આધારિત જીવો છીએ એટલે જેવુ નિમિત્ત મળે એટલે અસર થવા લાગે.

જો આપણને દેવ કે ગુરુ પ્રિય લાગવા લાગે... તેમનાં પ્રત્યે પ્રિયતાના ભાવ જાગૃત થવા લાગે પછી પ્રાર્થના કે ભક્તિ કરવા ન પડે... થવા લાગે...!

એક સામાન્ય કે અજાણી વ્યક્તિ દેવગુરુનાં દર્શન કરવા જાય અને એક સમર્પિત વ્યક્તિ દર્શન કરવા જાય...!

બંનેમાં ફરક શું હોય ?

એક માત્ર બે હાથ જોડી મસ્તક નમાવી વંદન કરે જ્યારે બીજામાં હાથ સાથે હૈયું જોડાય અને વંદન વખતે સ્પંદન હોય...!!

દેવગુરુ પૂજનીય કયારે બને ? પહેલાં જ્યારે પ્રિય બને ત્યારે !

પ્રિયતા વિનાની પૂજ્યતા કયારેય ન હોય અને કદાચ હોય તો પમ ચાસણી વિનાની ઝલેબી જેવી કોરી હોય...!!

પૂજયતાની સાથે પ્રિયતા ભળેલી હોય તો સ્તુતિ, સ્તવન કે પ્રાર્થના સહજ, સ્મરણીય અને સંવેદનશીલ હોય.

પૂજ્ય તો પૂજા થઇ એટલે વાત પૂરી...! બહાર નીકળ્યાં એટલે બધું ભૂલાઇ જાય, જ્યારે પ્રિય હોય તે કયારેય ભૂલાય નહીં.

ગૌતમ માટે મહાવીર પહેલાં પ્રિય બન્યાં પછી પૂજનીય બની ગયાં... આચાર્ય ભદ્રબાહુ સ્વામીને પણ પરમાત્મા પાર્શ્વનાથ પહેલાં પ્રિય હતાં પછી પૂજનીય...!!

કોઇ પણ ભગવાનને પ્રાર્થના કરવી હોય.. કેઇ પણ પરમાત્માની સ્તુતિ કરવી હોય તો પહેલાં એમને પ્રેમ કરવો જોઇએ એમને ગમતાં કરવા જોઇએ. **જે એકવાર ગમતાં થઇ જાય તેનું બધું જ ગમવા લાગે.** પછી તેની સ્તુતિ તેના સ્તવન પણ ગમવા લાગે... અને જ્યારે વ્યક્તિ ગમતાને માટે ગમતું કરે છે ત્યારે તેમાં તેના ભાવ... તેના પ્રત્યેની ભક્તિ... તેના પ્રત્યો સંવેદન... કંઇક અલગ જ પ્રકારના હોય... એમાં અનુભૂતિ હોય...!

અનુકંપાવાન આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ વ્યંતર દેવ સર્જિત મારકીનો ઉપદ્રવ દૂર કરવા અને લોકોને આ ઉપદ્રવથી મુક્ત કરવા એકાંત સ્થાને જઇ પરમાત્મા પાર્શ્વનાથને કેવા હૃદયનાં ભાવથી પ્રાર્થના કરી હશે... વિનંતિ કરી હશે.. અરજી કરી હશે... આજીજી કરી હશે... કે પાર્શ્વનાથ પરમાત્મા અધિષ્ઠિત દેવ પાર્શ્વયક્ષ સ્વયં એમની સેવામાં હાજર થઇ ગયા...!!

પરમાત્માને વિનંતિ કયારે થાય ? હૃદયનાં ભાવો ઉત્કૃષ્ટ કયારે થાય..? જ્યારે પ્રેમ હોય ત્યારે...!!

**ભક્તિ એ પ્રેમનો જ પ્રકાર છે. પ્રેમ એ ભક્તિનો પર્યાય છે.**

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર એ પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યેની ભક્તિને અભિવ્યકત કરવાની પાવન સ્તુતિ છે. જે વ્યક્તિ ભાવથી, શ્રધ્ધાથી, વિશ્વાસથી પરમાત્મા પાર્શ્વનાથની આ સ્તુતિનું સતત સ્મરણ કરે છે તેમાં સર્વ સંકલ્પો નિર્વિઘ્ને પરિપૂર્ણ થઇ જાય છે... એના સઘળાં કાર્યો સફળ થઇ જાય છે. એનાં બધાં જ Problem solve થઇ જાય છે... અશકય માં અશકય કાર્ય પણ શકય બની જાય છે... આ કાળમાં જ્યારે દરેક વ્યક્તિ કંઇક પણ કરતાં પહેલાં એમાંથી તેને મળતાં લાભને જુએ છે, તાત્કાલિક ફળની ઇચ્છા રાખે છે... સારા પરિણામની આશા રાખે છે ત્યારે આ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર તેમનાં માટે શ્રેષ્ઠ પુરવાર થાય છે... પણ આ શકય ત્યારે જ બને જ્યારે સ્તોત્ર શુધ્ધ ઉચ્ચારથી... અને લયબધ્ધ પધ્ધતિથી, શ્રધ્ધા

અને વિશ્વાસથી... ભાવ અને ભક્તિથી બોલાય... આ સ્તુતિ અને સ્તુતિ જેના માટે છે એ પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે શ્રધ્ધા અને સમર્પણના ભાવ ત્યારે જ જાગે જ્યારે સામે સ્તુતિની સાચી અને સૂક્ષ્મ સમજ આપનાર સદ્ગુરુ હોય... જેમણે આ સ્તોત્રને સતત સ્મરણ અને સાધના શક્તિથી સિધ્ધ કર્યો હોય... એવા સક્ષમ સદ્ગુરુનાં શ્રીમુખેથી સ્તોત્ર ગ્રહણ કરી, એમની આજ્ઞા અને માગદર્શન અનુસાર જપસાધના કરનારનાં સર્વ કાર્ય અવશ્ય સિધ્ધ થાય છે... અણધાર્યી સફળતા મળે છે...!

આજે જીંદગીની અંતિમ ક્ષણોમાં કદિ ન સાંભળેલો કે કયારેય ન વાંચેલો શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સ્વયં સ્કુરિત થાય... એની સાચી લયબધ્ધ પધ્ધતિમાં એની સ્કુરણા થાય... મેડીકલ સાયન્સ અને ડૉકટરો દ્વારા જાહેર થયેલી અંતિમ ક્ષણોને દૂર કરી દીર્ઘ આયુષ્યનો સંકેત આપે... છેલ્લા શ્વાસની પ્રતિક્ષા કરનાર ડૉકટરોને ટ્રીટમેન્ટ આપવાની પ્રેરણા કરે... કાનમાં ગુંજતા એ અગોચર ધ્વનીનો સૂર... ૮૦% લોહી નીકળી ગયેલાં અશકત શરીરમાં સક્તિનો સંચાર કરે... પૂર્ણ થવાની દિશામાં ચાલી રહેલાં શ્વાસની દિશાને બદલી નવજીવનની દિશામાં લઈ જાય... અને જીવન સંજીવની આપે... એ જ સ્તોત્રનો પ્રભાવ છે...!!

આ **યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.**ના જીવનની સત્ય ઘટના છે... તે સદ્ભાગી ક્ષણથી આજ સુધી આ સ્તોત્ર એ જ લયબધ્ધ પધ્ધતિથી પૂ. ગુરુદેવના સ્મરણમાં સતત ગુંજતો રહે છે... એની સતત જપ સાધના કરવાથી એ સ્તોત્ર એમને સિધ્ધ થઈ ગયો છે... એમનાં જીવનનો શ્વાસ બની ગયો છે. એમનો પ્રત્યેક શ્વાસ ઉવસગ્ગહર સ્તોત્રથી જ શરૂ થાય છે... અને આટલા વર્ષોમાં એના પ્રભાવની પણ અનેકવાર અનુભૂતિ કરી છે... મુંઝવણના સમયે મૂક માર્ગદર્શન મેળવ્યું છે... સંઘર્ષના સમયે સહન કરવાની શક્તિ મેળવી છે... સમસ્યાઓ સહજ બની જાય છે... વિઘ્નોના વાદળ વિખેરાઈ જાય છે અને દરેક સ્વપ્ન... દરેક સંકલ્પો... દરેક અભિયાન... પછી એ ગમે તેવા કપરાં કે વિશાળ હોય, સ્તોત્ર પ્રત્યેના એમની શ્રધ્ધા અને વિશ્વાસે એમના પુરુષાર્થને પ્રતિ પળ પ્રગતિ જ કરાવી છે... સફળતા જ અપાવી છે...! આ જ એનો પ્રભાવ છે...!

કદાચ આ જ કારણે આવા સિધ્ધ પુરુષ સદ્ગુરુનાં શ્રીમુખેથી શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ગ્રહણ કરી... એમની સાધના શક્તિથી સમૃધ્ધ માળા દ્વારા

પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ કરનાર... પરમાત્માનું સ્મરણ કરનારે જીવનમાં અનેક અનેક પ્રકારના અનુભવો અને અનુભૂતિઓ કરી છે અને પરમાત્માની આવી મહાપ્રભાવક સ્તુતિ અને એની સાચી સમજ આપનાર પૂ. ગુરુદેવ પ્રત્યે ઉપકારભાવ પ્રગટ કર્યો છે...!

ત્યારે પૂ. ગુરુદેવ સમજાવે છે કે એની પાછળ પણ વૈજ્ઞાનિક કારણ અને તર્ક રહેલાં છે... જ્યારે કોઈ પણ સિધ્ધ પુરુષ કે સદ્ગુરુ પાસેથી માળા કે સ્તોત્ર ગ્રહણ કરો ત્યારે તેમાં સિધ્ધપુરુષ કે સદ્ગુરુની સાધના શક્તિ... એમનાં શુભ ભાવ અને એમના શુકલ પરમાણુઓ ભળેલા હોય... એ શુભ ભાવો... એમની સાધનાની શક્તિના કારણે આપણાંમાં રહેલાં અશુભ ભાવોને દૂર કરી દે... એમનાં પોઝીટીવ વાઈબ્રેશન્સ્ આપણી નેગેટીવીટીને દૂર કરી દે... આપણા ભાવો જ્યારે શુભ થવા લાગે... ત્યારે આપણા વિચારો પણ શુધ્ધ અને પોઝીટીવ થવા લાગે... એટલે ઓટોમેટીક આપણો એટીટ્યુડ પણ પોઝીટીવ થઈ જાય... દૃષ્ટિ નિર્મળ થઈ જાય.

**'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'**ના નિયમાનુસાર નિર્મળ થયેલી દૃષ્ટિમાં ક્યાંય કોઈની મલિનતા... દોષ કે દ્વેષ ભાવ ન દેખાય... તો પછી રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈનું તો ક્યાંય સ્થાન જ ન હોય ને...!!

શુભ ભાવ અને શુભ વિચારો એટલે ગુડ લક. લકનાં કારણે મહાપ્રભાવક એવો શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર અને એ સિધ્ધના સાધક સદ્ગુરુદેવ મળ્યાં... અને એમના દ્વારા સ્તોત્ર ગ્રહણ કરી જપસાધના કરી એટલે લક ગુડ લક બની ગયાં.

પૂ. ગુરુદેવના શ્રીમુખેથી સ્તોત્ર ગ્રહણ કરતી વખતે જો આંખોમાં એ સ્તોત્ર માટે અને પરમાત્માની ભક્તિ માટે પ્યાસ હોય... પરમાત્મા વિશે જિજ્ઞાસા હોય... સાંભળવાની તાલાવેલી હોય, સમજવાની શક્તિ હોય અને એ સ્વીકારવા માટે મન તૈયાર હોય ત્યાર પછી જે સાધના આરાધના થાય એ ગુરુકૃપાએ અવશ્ય અનુભૂતિ કરાવનારી જ હોય...!


ટૂંકમાં, શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર એ આપણી ઓરાને શુધ્ધ કરનાર, આપણા લકને ગુડ લકમાં ચેન્જ કરનાર, આપણા અશુભ કર્મોનું સંક્રમણ કરનાર, આપણા આત્માને પરમાત્મા બનવાની દિશા તરફ લઈ જનાર, મેજીકલ ડીવાઈન પાવર છે, જેની ડીવીનીટીને હજારો શ્રધ્ધાળુઓએ અનુભવી છે...

**આ સ્તોત્ર એ માત્ર શબ્દોની રચના નથી... એમાં મહાશક્તિ સમાયેલી છે.**

પરમાત્મા પાર્શ્વનાથ તો નિરાકાર, નિરંજન છે તો પછી કોણ કરે છે ભકતોને સહાય ? કોણ દૂર કરે છે ઉપસર્ગો ને ?

કહેવાય છે કે જ્યારે લોકો પર વ્યંતર દેવનો ઉપસર્ગ આવ્યો ત્યારે તેઓ આચાર્ય ભદ્રબાહુ સ્વામીને એ ઉપસર્ગથી મુક્ત થવાનો ઉપાય બતાવવા વિનંતિ કરવા ગયાં... આચાર્ય ભદ્રબાહુસ્વામી એકાંત સ્થાને જઈ... પરમાત્માની ભક્તિમાં એવા એકાકાર થઈ ગયા... પરમાત્મમય બની ગયાં કે, એમનાં હૃદયના ભાવો... પરમાત્માનું નામ સ્મરણ કરતી વખતે ઉઠતાં સ્પંદનો એટલાં ઉત્કૃષ્ટ ભાવથી ભરેલાં હતાં તે સમસ્ત વાતાવરણમાં ફેલાવવા લાગ્યાં... નાભિના નાદથી... હૃદયની ઉતકૃષ્ટતાથી નીકળેલાં પરમાત્માની વિનંતિના વાઈબ્રેશન્સ્ પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે અનન્ય ભક્તિ ધરાવતાં દેવોને સ્પર્શી જાય છે... અને એમાં જે અગ્રેસર દેવ હોય છે તે **'પાર્શ્વચક્ષ'** આચાર્ય ભદ્રબાહુસ્વામીની સેવામાં ઉપસ્થિત થાય છે. ભદ્રબાહુસ્વામીની ભક્તિ અને ભક્તિના સ્પંદનોથી પ્રભાવિત થાય છે કે મારામાં કયારે આવા સ્પંદનો પ્રગટ થશે ? મારામાં કયારે આવી ભક્તિ પ્રગટ થશે ?

વિચક્ષણ એવા ભદ્રબાહુસ્વામીએ એમને પહેલાં પ્રભાવિત કરી... પછી ભાવિત કરી અને સ્તોત્રની શક્તિ દ્વારા સ્નેહપાસમાં બાંધી દીધાં અને કહેવાય છે કે **પાર્શ્વચક્ષે વચન આપ્યું કે જે વ્યક્તિ આ સ્તોત્રનું સ્મરણ કરશે તેના ઉપસર્ગો દૂર થઈ જશે.**



# શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો ઉદ્ભવ...

ભદ્રબાહુ અને વરાહમિહિર બંને ભાઈઓ હતાં. પિતા રાજદરબારમાં પુરોહિત પદ શોભાવતા હતાં. સંત સમાગમે આ બંને બ્રાહ્મણ પુત્રોના હૃદય વૈરાગ્યથી વાસિત બન્યાં અને જૈન દીક્ષા અંગીકાર કરી. વેદ, પુરાણ, જ્યોતિષશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્રના અભ્યાસી બંને ભાઈઓ હવે આગમના ઉંડા રહસ્યોને હૃદયંગમ કરવા પુરુષાર્થશીલ બન્યાં.

ગુરુદેવના સાનિધ્યમાં આ આગમજ્ઞાન ભદ્રબાહુ સ્વામીને હૃદયની કોમળ ભૂમિમાં પચવા લાગ્યું અને ગુણો દિનપ્રતિદિન વિકસિત થવા લાગ્યાં. રેતાળભૂમિ જેવા વરાહમિહિર મુનિ ગુણોને ધારણ કરી શકતાં ન હતાં. બુધ્ધિની તીવ્રતાના કારણે બંને ભાઈઓ અભ્યાસમાં સમાન ગતિએ આગળ વધતા હતાં, પરંતુ જ્ઞાનવારિ એકના હૃદયમાં ઉતરતું હતું, જ્યારે બીજાને તે સ્પર્શતું ન હતું. યોગ્યતાના સદ્ભાવમાં ભદ્રબાહુસ્વામીને આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. યોગ્યતાના અભાવમાં વરાહમિહિરમુનિ આચાર્ય પદથી વંચિત રહ્યાં. પદ, તથા પ્રતિષ્ઠાના અભિલાષી વરાહમિહિરમુનિ ભદ્રબાહુસ્વામીના દુશ્મન બની ગયાં. ઈર્ષા અને દ્વેષની આગ હૃદયને બાળવા લાગી.

ઈર્ષા અસૂયાની તીવ્રતાએ વરાહમિહિરમુનિને વ્યક્તિદ્વેષી, સમૂહદ્વેષી અને ધર્મદ્વેષી બનાવી દીધા. વરાહમિહિર જૈનધર્મના દ્વેષી બની, સાધુપણું છોડી, સાધુવેષનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. જ્યોતિષશાસ્ત્રના જાણકાર તો હતાં જ, તે વિદ્યાને માધ્યમ બનાવી આજીવિકા મેળવવા લાગ્યા. નિમિત્ત શાસ્ત્રના યોગથી ભૂત, ભાવી, વર્તમાન ત્રણે કાળનું ભવિષ્ય ભાખતાં વરાહમિહિરે રાજ્યાશ્રય અને રાજપુરોહિતપદ પ્રાપ્ત કરી લીધું.

એકદા સમયે ગ્રામાનુસાર વિચરતા આચાર્ય ભદ્રબાહુસ્વામી શિષ્ય પરિવાર સાથે તે જ નગરમાં પધાર્યા કે જ્યાં વરાહમિહિર રાજપુરોહિત હતાં. રાજપુરોહિત વરાહમિહિરને તે જાણ થતાં તેઓએ આવવાની જરૂર શું હતી? મારો ભૂતકાળ જાહેર કરી, નક્કી મારી પ્રતિષ્ઠાને ઝાંખી કરવા જ ભદ્રબાહુસ્વામી અહીં આવ્યા છે. મને તો રાજ્યાશ્રય છે. કોઈપણ હિસાબે તેઓને નગર બહાર કઢાવું. આમ વિચારી છીદ્રાન્વેષી

બની, ભદ્રબાહુસ્વામીને સજા થઈ શકે તેવા દોષને શોધવા લાગ્યા.

તે સમય રાજાને ઘેર રાજપુત્ર યુવરાજનો જન્મ થયો. નગરમાં રાજપરિવારમાં આનંદ અને ઉત્સાહનું મોજુ ફરી વળ્યું. રાજપુરોહિતે કુંવરની જન્મકુંડળી બનાવી અને ૧૦૦ વર્ષનું આયુષ્ય બતાવ્યું. નગરના નરનારીઓ રાજકુંવરનું મોઢું જોવા આવે તો, કોઈ કનૈયા કુંવરને વધાવવા આવે છે, તેમ દરેક ધર્મના ધર્મગુરુઓ યુવરાજને આશીર્વાદ પાઠવવા આવી ગયાં. ન આવ્યા એક જૈનાચાર્ય ભદ્રબાહુસ્વામી ! આ વાતની નોંધ વરાહમિહિરે કરી અને સમય મળ્યે રાજાના કાન ભંભેર્યા. 'નગરમાં સ્થિત સર્વધર્મના વડા રાજકુંવરને આશીર્વાદ આપવા આવી ગયાં પણ એક જૈન ધર્મના વડા નથી આવ્યા. તેઓ બાળક તથા રાજ્યનું કલ્યાણ ઈચ્છતા નથી તેથી જ દરબારમાં આવ્યા નથી.' વરાદહમિહિરે રાજાના મનમાં એક ચિનગારી મૂકી દીધી. રાજા વિચારવા લાગ્યા રાજપુરોહિતની વાત તો સાચી છે, આ તો મહા અપરાધ કહેવાય. દંડને પાત્ર ગણાય. જૈનાચાર્યનું ન આવવાનું કારણ જાણ્યા પહેલાં દંડ આપવો ઉચિત નથી. મંત્રીને ભદ્રબાહુસ્વામી પાસે મોકલ્યા. મંત્રીએ રાજકુંવરને આશીર્વાદ ન આપવાનું કારણ પૂછ્યું. ભદ્રબાહુસ્વામીએ પ્રત્યુત્તર આપતા કહ્યું કે અમે જગતના સર્વ પ્રાણીઓનું કલ્યાણ જ ઈચ્છીએ છીએ. રાજકુંવર કે રાજ્યનું કલ્યાણ ન ઈચ્છવાની કોઈ વાત જ નથી. પણ બાળકનું સાત દિવસ પછી મૃત્યું થવાનું છે તો આશીર્વાદ દેવા કેવી રીતે આપીએ ?

ભદ્રબાહુસ્વામીએ શાસન પર આવનાર આંધીને જોઈ પોતાના જ્ઞાનનો ઉપયોગ



કરી ભવિષ્ય જણાવ્યું કે આ કુંવર આજથી સાતમાં દિવસે બિલાડીથી મૃત્યુ પામશે. મંત્રીએ રાજાને સર્વવૃતાંત જણાવ્યો. રાજાને તે સાંભળી દુઃખ થયું. રાજપુરોહિત તો સો વર્ષનું આયુષ્ય બતાવે છે. આ જૈનાચાર્ય શિક્ષાને પાત્ર જ છે. તેમની વાણી પણ અવળી જ છે. પણ ના... સાત દિવસનો જ પ્રશ્ન છે. ૭ દિવસ પછી તેમને શિક્ષા આપીશ. તેમ વિચારીને રાજાએ આચાર્યની આગાહી ખોટી પાડવા આખા નગરમાંથી બિલાડીને પકડી નગરના કિલ્લાની બહાર દૂર-દૂર મૂકી આવવા કર્મચારીઓને આજ્ઞા કરી. ૫-૬ દિવસમાં બધી જ બિલાડીઓને નગર બહાર કાઢી મૂકવામાં આવી. સાતમાં દિવસની સવાર થઈ. રાજા નચિંત હતાં. રાજમહેલ તો શું આખા નગરમાં બિલાડીનું નાનું બચ્ચું પણ નથી. હવે મારા કુંવરનો વાળ વાંકો થવાનો નથી.

યુવરાજને તૈયાર કરી હાથમાં તેડી દાસી એક ઓરડામાંથી બીજા ઓરડામાં જતી હતી ત્યાં ઉપરથી લોખંડની ભાગોળ (આગળીયો) પડી અને નવજાત બાળકના માથે જ પડવાથી બાળક તત્કાળ મૃત્યું પામ્યું. રાજા અને રાજપરિવાર પર વજપાત થયો. ભદ્રબાહુ સ્વામીની વાત સાચી ઠરી... પુત્ર મરણથી શોકસંતપ્ત રાજાએ વિચાર્યું જૈનાચાર્યની એકવાત તો સાચી ઠરી પણ બિલાડીથી મૃત્યુ થશે તે વાત સત્ય નથી... તે માટે રાજાએ મંત્રીને જૈનાચાર્ય પાસે મોકલ્યા.

ભદ્રબાહુસ્વામીએ જણાવ્યું કે તે ભાગોળ પર બિલાડીનું મહોરું છે તમે તપાસ કરો. મૃત્યુમાં બિલાડીના આકારવાળી ભાગોળ જ નિમિત્ત બની છે. રાજાએ તપાસ કરતાં તે વાત સત્ય જણાતા જૈનાચાર્ય પ્રત્યે માન વધી ગયું. પરિણામે વરાહમિહિર ભદ્રબાહુસ્વામી પ્રત્યે વધુ દ્વેષીત બન્યો. તત્પશ્ચાત બીજી આગાહીઓમાં પણ વરાહમિહિરની ગણતરી થોડી વિપરીત હોય અને ભદ્રબાહુસ્વામીની આગાહી એકદમ અનુરૂપ હોય. વરાહમિહિરે લાગ્યું કે આ રાજ્યમાં રહેવું હવે ઉચિત નથી. મારા જ્ઞાનની કમી જ મારા માન-સન્માનમાં બાધક બને છે. આ ભદ્રબાહુ જ મારી પ્રતિષ્ઠા જોઈ શકતો નથી. તેમ વિચારી રાજ્ય છોડી જંગલમાં ચાલ્યો જાય છે.

વરસો સુધી તપ કરી આયુષ્ય પૂર્ણ કરી વ્યંતર દેવ રૂપે ઉત્પન્ન થાય છે. વરાહમિહિર વ્યંતરદેવે અવધિજ્ઞાનથી પૂર્વભવ જોયો. ભદ્રબાહુસ્વામીને જોતાં જ પૂર્વ દ્વેષ જાગૃત થયો. અનેક દિવ્ય શક્તિઓના કારણે તે હવે બદલો લેવા સમર્થ હતો. વ્યંતર દેવે ચતુર્વિધ સંઘમાં મરકી રોગ ફેલાવી દીધો.

આચાર્ય ભદ્રબાહુસ્વામીએ ચતુર્વિધ સંઘ ઉપર આવેલી આફત નિહાળી અને પોતાના જ્ઞાનબળે આ વરાહમિહિર વ્યંતરદેવનું કાર્ય છે તે પણ જાણી લીધું. સંઘ ઉપરના આ ઉપસર્ગને દૂર કરવા તે સમયે પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરતાં **'ઉવસગ્ગ હરં સ્તોત્ર'**ની રચના કરી. ચતુર્વિધ સંઘની પ્રત્યેક વ્યક્તિને આ સ્તોત્રનો પાઠ કરવાની આજ્ઞા ફરમાવી. સ્તોત્રપાઠના પ્રભાવે વ્યંતરદેવના ઉપસર્ગો શાંત થયા અને ચતુર્વિધ સંઘમાંથી ઉપસર્ગ દૂર થતાં શાંતિ થઈ. આવા મહાપ્રભાવક સ્તોત્રનો પાઠ આજે પણ ઉપસર્ગોનું, વિઘ્નોનું અને બાધાઓનું હરણ કરે છે.

તેનો ૭ વાર, ૨૭ વાર, ૧૦૮ વારનો પાઠ મહામંગલકારી છે.





# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર અર્થ - ભાવાર્થ...

આ સ્તોત્રમાં પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ છે. પરમાત્માની ભક્તિ કરતાં હૃદયના અતલ ઊંડાણમાંથી હૃદયના ભાવને, શ્રદ્ધાને, ભક્તિને વાચા આપતાં જે શબ્દો સ્ફૂરિત થાય તે **'સ્તોત્ર'** કહેવાય છે. સ્તોત્રના શબ્દ દ્વારા ભક્તનો પ્રભુ પ્રત્યેનો અહોભાવ, આદરભાવ વ્યક્તિના અહંભાવને ઓગાળે છે. બાળક જેવી સરળતા, નમ્રતા પ્રગટાવે છે. સરળતા જ ધર્મનો પાયો છે. સરળ હૃદયમાં જ ધર્મ વાસ કરે છે અને ધર્મના પ્રભાવે અશુભકર્મ નાશ પામે છે.

બાળક પોતાની મા સાથે ભાવનું તાદાત્મય અનુભવે છે. માતાના હૃદય સાથે બાળકના હૃદયતારનું અનુસંધાન હોય છે. બાળકના સમગ્ર અસ્તિત્વ, ભાવ અને શ્રદ્ધાના કેન્દ્રમાં મા હોય છે. મા મારું રક્ષણ કરે છે, માઁ મારું પાષણ કરે છે, માઁ મારા શરણ રૂપ છે. બાળકની આવી શ્રદ્ધાના કારણે જ બાળક જ્યારે મુશ્કેલી, તકલીફ, બીમારી કે કોઈ પણ પ્રકારના ભયથી ભયભીત બની જાય ત્યારે મા ને યાદ કરે છે, મા ને પોકારે છે. તેના રોમરોમથી  માનો પોકારનાદ ગુંજવા લાગે છે.બાળકની જેમ સાધક પોતાના શ્રદ્ધાના કેન્દ્ર સ્થાનીય ભગવાનને પોકારે છે,તે પોકારના શબ્દ જ સ્તોત્ર કહેવાય છે. પરમાત્માની કરૂણા,વાત્સલ્ય અને પ્રેમસભર સ્વરૂપનું, તેમના ગુણોનું સતત સ્મરણ અને તે સ્મરણનું માહત્મ્ય બતાવતા જે ભાવો,જે શબ્દો ભક્તના હૃદયમાં ઊઠે તે 'સ્તુતિ' કહેવાય છે.

વહેલી સવારનું ખુશ્નુમા ભર્યું વાતાવરણ તન મનને તાજગી આપે છે. સમુદ્રનો નિર્દંભં ધ્વનિ અંતરધ્વનિને ઝંકોરે છે. વરસાદ વરસી ગયાં પછીનું નિરભ્રઆકાશ મનને પ્રસન્નતાથી ભરી દે છે. તેમ પ્રભુની સ્તુતિ તન-મન અને આત્માને અપૂર્વ શાંતિ અને અદ્‌ભૂત પ્રસન્નતા આપે છે. ચિત્ત પ્રભુમય બને, પરમાત્મામાં તન્મય અને તલ્લીન બની જાય,ત્યારે અંદરથી એક ધ્વનિ ઉત્પન્ન થાય છે. તે ધ્વનિ સાથે નાભિનો નાદ ભળે,નાદ સાદ બને અને તે સાદ શબ્દ બની સ્તુતિ રૂપે પરિણમે છે.શબ્દના સહારે હૃદયના સ્પંદનો બહાર સરી જાય છે.હૃદયમાં ઉભરાયેલી ભક્તિ સ્તોત્ર બની શબ્દરૂપે બહાર વહે છે.

મહામના માનવી અન્યનું દુઃખ જોઈ ન શકે ત્યારે તેનું અંતર પ્રભુને પોકારે છે.

અન્યના દુઃખ દૂર કરવા આજીજીના સ્વરમાં પ્રાર્થના પ્રગટે છે. તે પ્રભુ પાસે અન્યનું સુખ-સ્વાસ્થ્ય માંગે છે. બીજા માટે આરજુ કરે છે.

## સ્તોત્રનું નામ-ઉવસગ્ગહરં સ્તોત્ર...

આ સ્તોત્રનું નામ **'ઉવસગ્ગહરં સ્તોત્ર'** છે.આ સ્તોત્રના પ્રથમ પદ ઉપરથી તેનું નામ પ્રસિદ્ધ થયું છે. **'ઉવસગ્ગ'** એટલે ઉપસર્ગ. આપણે ઈચ્છતા ન હોઈએ તેવી પરિસ્થિતિ સર્જાય, પ્રતિકૂળતાઓ ઊભી થાય, અશાંત બનાવી દે તેવી મુશ્કેલીઓ આવી પડે, સમગ્ર અસ્તિત્વ ધ્રુજી જાય તેવી આપત્તિઓ ઉપસ્થિત થાય તેને ઉપસર્ગ કહે છે.

**'હરં'** એટલે હરનાર. આ સ્તોત્ર ઉપસર્ગો, તકલીફો, અંતરાયો, વિપત્તીઓને દૂર કરતું હોવાથી તેને **'ઉવસગ્ગહરં'** કહેવામાં આવે છે.

## શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના જાપ...

કોઈ પણ શબ્દનું વારંવાર રટણ કરવામાં આવે તો તે શબ્દ મંત્ર બની જાય છે.

હીરા ઉપર પહેલ પડે અને તે વધુ તેજસ્વીતાને પ્રાપ્ત કરે છે.ચોસઠ પોરી પીપરને જેમ લઢવામાં આવે તેમ-તેમ તેના ઔષધિય ગુણ વૃધ્ધિંગત થાય છે. મંત્ર કે સ્તોત્રની જેમ-જેમ જાપ સંખ્યા વધતી જાય તેમ-તેમ ચમત્કારી શક્તિ વધુ ખીલતી જાય છે.લાખો અને કરોડો જાપ થતાં તે મંત્ર **'સિદ્ધ'** બની જાય છે.

## ગુરુમુખે મંત્ર ગ્રહણનું મહત્વ...

આ સ્તોત્રરૂપ મંત્ર સ્વયં પોતે જ ચમત્કારિક શક્તિ ધરાવે છે. સદીઓ પૂર્વે તેની રચના થઈ છે. તેની અલૌકિક શક્તિઓ ગુરુમુખે ગ્રહણ થતાં નીખરી ઉઠે છે. જપ સાધનામાં ગુરુમુખેથી પ્રાપ્ત મંત્ર જ ફળદાયી બને છે. જેણે આ સ્તોત્રરૂપ મંત્રને સિધ્ધ કર્યો હોય તેવા ગુરુદેવ દ્વારા આ મંત્ર પ્રાપ્ત થાય તો તેમાં ગુરુદેવની સાધનાની ઉર્જા ભળેલી હોય છે. ગુરુદેવની સાધનાના પુટથી પુષ્ટ, ગુરુસાધનાના તરંગોથી તરંગિત મંત્ર ચાર્જ થઈ જાય છે અને શિષ્યની જપસાધનાનો પુષ્ટ કરે છે.

પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. આ સ્તોત્રના અનન્ય ઉપાસક છે.

તેઓશ્રીએ આ સ્તોત્રની ઉપાસના કે સાધના જ નથી કરી, પરતું તેઓશ્રીએ આ મંત્રને સિધ્ધ કરેલ છે. આવા સિધ્ધયોગી પાસેથી આ સ્તોત્રરૂપી મંત્રને ગ્રહણ કરી, તેના જપમાં જે સાધકો તન્મય બને છે તેના પાપ કર્મો નિર્જરવા લાગે છે. જપ એ એક પ્રકારનો સ્વાધ્યાય છે, સ્વાધ્યાય તે એક પ્રકારનું તપ છે અને તપ કર્મોને દૂર કરવાનું અમોઘ સાધન છે. જપ સ્વાધ્યાય દ્વારા ભારે કર્મો હળવા બને છે, દીર્ઘ સ્થિતિવાળા કર્મો અલ્પ સ્થિતિવાળા બને છે, તીવ્રફળ આપનાર કર્મો મંદ ફળદાયી બને છે. જપ સાધના વધતી જાય તેમ કર્મો ક્ષીણ થતાં જાય અને કર્મો ક્ષીણ થતાં મુશ્કેલીઓ, ઉપસર્ગો, બીમારીઓ, રોગો, પ્રતિકૂળતાઓ શાંત થાય છે. આ રીતે સિધ્ધયોગીથી પ્રાપ્ત આ સ્તોત્ર આપણા સહુના વિઘ્નો ઉપસર્ગો, રોગો, દૈવી પ્રકોપો, ઉપદ્રવોને અવશ્ય શાંત, પ્રશાંત, ઉપશાંત કરે છે. વરસાદ ધોધમાર વરસે પણ જેના પાત્રમાં કાણું હોય તે પાણી ઝીલી ન શકે. કદાચ પાણી ઝીલી પણ લે તો લાંબો સમય પાણીને સાચવી ન શકે. શ્રધ્ધાભાવ,આદરભાવ સાથે વિનયપૂર્વક ઉવસગ્ગહરં સ્તોત્ર રૂપ મંત્રને ગુરુમુખે સ્વીકારવો જોઈએ.

## સ્તોત્રનો અર્થ...

અર્ધમાગધી ભાષામાં રચાયેલા આ સ્તોત્રનો અર્થ સાધક જાણે તો તે પાર્શ્વનાથ ભગવાનના ગુણોમાં તન્મય બની શકે છે. એક-એક શબ્દના ઉચ્ચારણ સાથે તેના ભાવાત્મક ચિત્રો દ્દષ્ટિ સમક્ષ આવતા જાય અને ચિત તેમાં જ રમમાણ રહે છે.

### પ્રથમ ગાથા :

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં,**
**વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં...૧**

**ઉવસગ્ગહરં** : ઉપસર્ગો, કષ્ટો, મુશ્કેલીઓ અને પ્રતિકૂળતાઓને દૂર કરનાર (પરમાત્મા પાર્શ્વનાથ)

**પાસં** : પાર્શ્વનાથ ભગવાનના સ્મરણમાં જે રહે છે એ પાર્શ્વ નામનો દેવ પાર્શ્વયક્ષ ! પાર્શ્વનાથ ભગવાન પ્રત્યેની ભક્તિનાં કારણે પાર્શ્વનાથ ભગવાનના ઉપાસકને તે દેવ હંમેશાં સહાય રૂપ બને છે.

**પાસં વંદામિ** : પાર્શ્વનાથ ભગવાનને હું વંદન કરૂં છું.

**વંદામિ** : વંદના એટલે પરમાત્મા પ્રત્યે ઝૂકી જવું, પરમાત્મા તરફ ઢળી જવું. પરમાત્મામય બની જવું...! વંદન દ્વારા સાધક પોતાના અસ્તિત્વને પરમાત્માનાં અસ્તિત્વ સાથે જોડે છે.

જેમ એક દીપકની જ્યોતનાં સંપર્કમાં બીજા દીપકની વાટ આવે, જ્યોત સાથે વાટ જોડાય અને તેની સાથે એકરૂપ બને ત્યારે તે દીપક પ્રગટી જાય છે. પરમાત્માનાં અસ્તિત્વ સાથે સાધકનું પરમતત્વ તરફ પ્રયાણ શરુ થઈ જાય છે.

વ્યક્તિ જ્યારે ઝૂકે છે, વ્યક્તિ જ્યારે નમે છે, વ્યક્તિ જ્યારે વિનયભાવ દર્શાવે છે ત્યારે સામેના દિલને જીતી લે છે. વ્યક્તિની નમ્રતાએ સામેની વ્યક્તિમાં વાત્સલ્ય પ્રગટે છે તેમ સાધક જ્યારે પરમાત્માને વંદે છે ત્યારે પરમાત્માની કૃપાના અખૂટ ખજાનાને મેળવી લે છે !

હે ઉપસર્ગના હરનાર પાર્શ્વનાથ ભગવાન ! હું આપને વિનયપૂર્વક વંદન કરૂં છું અને વંદન કરતાં મારા અસ્તિત્વને આપના અસ્તિત્વ સાથે જોડી રહ્યો છું કે, હું આપનામય બની ગયો છું !

**કમ્મઘણમુક્કં** : પાર્શ્વનાથ ભગવાન, કર્મ સમૂહથી મુક્ત થઈ ગયાં છે. રાગ-દ્વેષાદિ ભાવકર્મ, કર્મની રજથી અને કર્મના મેલથી સર્વથા મુક્ત થઈ ગયાં છે અને ભવિષ્યમાં કર્મથી મહાત થવાના નથી તેવા હે પરમાત્મા ! મારે પણ મારાકર્મોના મેલથી મુક્ત થવું છે, માટે હું આપને વંદન કરૂં છું !

**વિસહર વિસ નિન્નાસં** : વિષધરના વિષનો નાશ કરનાર ! આ સ્તુતિ વિષધર સર્પના વિષને દૂર કરવામાં સમર્થ છે. આ સ્તવના સાધકના ક્રોધ, માન, માયા, લોભના વિષને દૂર કરી

નિર્વિષ બનાવે છે.

હે પરમાત્મન્ ! આપની સ્તુતિ કરતાં કરતાં મારામાં જે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ અને અહં જેવા અવગુણ રુપી ઝેર છે તે સર્વ સરળતાથી નાશ પામે છે.

**મંગલ કલ્લાણ આવાસં :** પાર્શ્વનાથ ભગવાન મંગલ અને કલ્યાણના ઘરરુપ છે. જેના પ્રત્યે ભક્તિભાવ હોય, આદર હોય, પ્રેમ હોય તેનાં હૈયામાં સ્હેજે વસવાનું મન થાય. જ્યારે સાધકને પરમાત્મા પ્રત્યે ભક્તિ જન્મે છે ત્યારે તે એકરુપ બની પરમાત્માનાં હૈયામાં વસી જાય છે.

હે પરમાત્મન્ ! આપ સ્વયં મંગલ સ્વરૂપ છો. આપ સ્વયં કલ્યાણ સ્વરૂપ છો. 'જેના શરણે જઈએ તેના જેવા થઈએ' એ ભાવ સાથે મારે મારો વાસ આપના હૃદયમાં કરવો છે. આપના આવાસમાં... આપના ઘરમાં વાસ કરી... આપનું શરણું સ્વીકારી મારે મારા જીવનને મંગલમય અને કલ્યાણકારી બનાવવું છે!!!

## દ્વિતિય ગાથા :

**વિસહર ફુલ્લિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,**
**તસ્સ ગહરોગ મારી, દુટ્ઠ જરાજંતિ ઉવસામં...૨**

**વિસહર ફુલ્લિંગમંતં :** વિષને હરનારો વિષહર મંત્ર, જ્યોતિ સ્વરુપ મંત્ર આ સ્તોત્રમાં નિહિત છે.

**કંઠે ધારેઈ જો સયા મણુઓ :** ઉવસગ્ગહરં સ્તોત્ર રુપી તેજોમય મંત્રને જે કંઠમાં ધારણ કરે છે, તેનાં નિરંતર જાપ કરે છે, ચાલતાં, ઉઠતાં, બેસતાં, ખાતાં, પીતાં, સૂતાં પ્રત્યેક ક્ષણે જે મનુષ્યનું અંતરમન આ જાપમાં, મંત્રમાં લીન રહે છે, તેના બધાં કષાયો મંદ પડી જાય છે.

**તસ્સ ગહ રોગ મારિ :** 'તસ્સ' એટલે તેનાં, અર્થાત્ જે વ્યક્તિ પાર્શ્વનાથ ભગવાનને સમર્પિત થઈ જાય છે, તેના બધાં રોગો

ઉપશાંત થઈ જાય છે. અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવ ભવ રોગમાં સપડાઈ ગયો છે. પરમાત્માની આ સ્તુતિ જીવનાં ભવરોગને દૂર કરી અનંત સુખના ધામ જેવા મોક્ષરુપ અક્ષય સ્થાનને આપાવે છે. આ મંત્રનો જાપ નબળાં ગ્રહો, ગ્રહદશા અને ગ્રહોનાં નડતરોને દૂર કરે છે. આગ્રહ, પૂર્વગ્રહો અને કદાગ્રહોનાં રાહુઓ જીવનમાં ઝંઝાવાતો, અશાંતિ સર્જે છે, પણ આ સ્તોત્રનાં જાપથી સર્વ પ્રકારના આગ્રહો વિરામ પામે છે અને અપૂર્વ સુખશાંતિનો અનુભવ થાય છે.

**દુટ્ઠ જરાજંતિ ઉવસામં** : આ સ્તોત્રનું જે નિત્ય સ્મરણ કરે છે, તેના ઉપર દુષ્ટ વિદ્યાઓના પ્રયોગની અસર થતી નથી અને કદાચ તેવો કોઈ પ્રયોગ થતો હોય તો તે પ્રયોગોથી ઉત્પન્ન થયેલી ઉન્માદિક અવસ્થાઓ શાંત થઈ જાય છે.

આ સ્તવનથી મલિન વૃતિઓ, દુષ્ટ, ખરાબ વિચારો, ખરાબ ભાવનાઓ શાંત થઈ જાય છે અને સદ્‌વિચારોનો ઉદ્‌ભવ થાય છે.

## તૃતિય ગાથા :

**ચિટ્ઠઉ દૂરે મંતો, તુજઝ પણામોવિ બહુ ફલો હોઈ,**
**નર તિરિયેસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં ।।૩।।**

**ચિટ્ઠઉ દૂરે મંતો** : હે પરમાત્મા ! મને આ મંત્ર આવડે કે ન આવડે,તેના ઉચ્ચાર શુદ્ધ થાય કે ન થાય,આ મંત્રની વાત તો દૂર રહી પરતું...

**તુજઝ પણામોવિ** : હે પાર્શ્વનાથ ભગવાન ! તમને ભાવપૂર્વક વંદન કરવામાં આવે તો એ વંદન પણ મહાફળ આપે છે. જ્યાં પ્રણામ છે,

**બહુ ફલો હોઈ** જ્યાં વિનયભાવ છે, જ્યાં સમર્પણતા છે, ત્યાં ફળ

મળ્યા વિના રહે જ નહીં. પ્રણામ કરતાં પાંપણ ઢળે, મસ્તક ઝૂકે ત્યારે અનંતા કર્મો ખપી જાય છે. હે પરમાત્મા!આપને ભાવપૂર્વક પ્રણામ કરવાથી જગતનાં સર્વ શ્રેષ્ઠ સુખોના રસાસ્વાદ મળી રહે છે અને આજ પ્રણામનું પરિણામ છે!

**નર તિરિયેસુ વિ જીવા,** : પરમાત્માની આ સ્તુતિ કેવળ માનવોનો જ અધિકાર નથી.તિર્યંચો પશુ,પક્ષી આદિ સૃષ્ટિનાં સર્વ જીવો, ભગવાનને

**પાવંતિ ન દુક્ખ દોગચ્ચં** ભજતાં પ્રત્યેક માનવીઓ, ગાય, ભેંસ, સિંહ, વાઘ, સર્પ, માછલાં, મગર, દેડકાં વગેરે તિર્યંચો સુખ શાંતિ પ્રાપ્ત કરે છે.પરમાત્માને વંદન કરતાં માનવો જ નહીં પણ પ્રભુને વંદન કરતાં પશુ-પંખીઓના પણ દુ:ખ દૂર થાય છે. **ભગવાનમાં જે ભળે છે, તેની ભગવાન ભાળ રાખે છે !**

## ચતુર્થ ગાથા :

**તુહ સમ્મતે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ,**
**પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ।।૪।।**

**તુહ સમ્મતે લદ્ધે** : સમ્મતે એટલે મોક્ષમાં જવાની પાત્રતા, લદ્ધે એટલે પ્રાપ્તિ!

હે પરમાત્મા!તારી સ્તવના કરતાં કરતાં મને મોક્ષમાં જવાનો...સિદ્ધ ક્ષેત્રમાં જવાનો પાસપોર્ટ મળી જાય છે. આપની શ્રદ્ધા પ્રાપ્ત કરીને,આપના પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધારણ કરીને જે વ્યકિત આપની સ્તવના કરે છે,આપની સ્તુતિ કરે છે તેના માટે...

**ચિંતામણિ કપ્પપાય** : હે પરમાત્મા ! આપ અને આપની આ સ્તુતિ ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન છે. ચિંતામણિ એવો મણિ છે જેની

**વબ્ભહિએ** સેવામાં હજારો દેવો હોય છે અને આ મણિ જે વ્યક્તિનાં હાથમાં હોય,તે વ્યકિત જે વસ્તુની ઈચ્છા કરે,જે વસ્તુનું ચિંતન કરે, તે વસ્તુ તેને પ્રાપ્ત થઈ જાય ! કપ્પ:એટલે કલ્પવૃક્ષ ! જેમ કલ્પવૃક્ષની નીચે ઊભા રહી, જે ઈચ્છા કરવામાં આવે તે વસ્તુ પ્રાપ્ત થઈ જાય છે. તેમ પરમાત્માની આ સ્તુતિ કરનારને જગતની સર્વ વસ્તુઓ પ્રાપ્ત થઈ જાય છે. દૈવી વસ્તુ તો ઠીક પણ શ્રદ્ધાથી તમારી સ્તવના કરનારને સમકિતની પણ પ્રાપ્તિ થાય છે. પરમાત્માની સ્તુતિ કરતાં મોક્ષની પાત્રતા ખીલે છે. ચિંતામણી અને કલ્પવૃક્ષ જેવું સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

**પાવંતિ અવિગ્ઘેણ,** : જ્યારે વ્યક્તિના કંઠે પરમાત્માની આ સ્તુતિનું રટણ ચાલતું હોય,ત્યારે કોઈ પણ ક્ષણે તેના માર્ગમાં કોઈ વિઘ્ન આવતું

**જીવા અયરામરં ઠાણં** નથી. તેના બધાં જ વિઘ્નો અવિઘ્નો બની જાય છે અને એ જીવ કોઈપણ જાતની મુશ્કેલી વિના અજરઅમર એવા મોક્ષને શીઘ્ર પ્રાપ્ત કરે છે.

## પંચમ ગાથા :

**ઈહ સંથુઓ મહાયશ ! ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણં,**

**તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ...૫**

**ઈહ સંથુઓ મહાયશ** : આપની આ સ્તુતિ મહાયશસ્વી છે. કેમકે મહાયશ એવા આપની એ પ્રાપ્તિ કરાવે છે.

**ભત્તિબ્ભર નિબ્ભરેણ** : હે પરમાત્મન્ ! ભક્તિ ભરેલાં પૂર્ણ, હૃદય વડે મહાયશસ્વી એવી તારી આ સ્તુતિનું હું સ્મરણ કરું છું. આ સ્તવના કરતાં

**હિયએણં** કરતાં મારૂ હૃદય ભક્તિથી ઉભરાઈ રહ્યું છે. તારા પ્રત્યેનાં અવિસ્મરણીય ભાવ એ જ મારા માટે તારા

પ્રત્યેની ભક્તિ છે અને મારી આ ભક્તિમાં એવી તલ્લિનતા છે... એવી એકાગ્રતા છે કે બહાર નો કોઈ પણ ઘોંઘાટ મને સ્પર્શી જ શક્તો નથી. ભક્તિથી ગદ્ગદિત હૃદયે હે પરમાત્મા ! તમને એક વિનંતી કરૂં છું કે...

**તા દેવ ! દિજ્જ બોહિં,** : હે પરમાત્મન્ ! હું અબુધ, અણસમજું છું. મને બીજી કોઈ સમજ નથી. પરંતુ તારી સ્તવના કરવાથી... તારૂં સ્મરણ

**ભવે ભવે પાસ જિણચંદ** કરવાથી... તારા પ્રત્યે અનંત જોડાણનો ભાવ થાય છે. મને બીજું કાંઈ જ જોઈતું નથી, પણ હે પાર્શ્વ જિનચંદ્ર ! હે ભગવાન ! આ ભવ જ નહીં, ભવોભવ મને ધર્મની રુચી આપજો ! તમારો વીતરાગી ધર્મ અને તમારું શાસન મને ભવોભવ પ્રાપ્ત થાય તેવી વિનંતી કરૂં છું.

હે પાર્શ્વ જિણચંદ્ર ! જેમ ચંદ્રને જોઈને સાગરમાં ભરતીનો ઘુઘવાટ થાય છે. તેમ મારા હૃદયમાં પણ આપને જોઈને, આપનું સ્મરણ કરતાં કરતાં ભક્તિનો ઘુઘવાટ થાય એ જ આપને પ્રાર્થના કરું છું. વિનયપૂર્વક વિનંતી કરૂં છું.

આ સ્તોત્ર... આ સ્તુતિ એટલે આપણા નિખાલસ અને નિર્મળ હૃદયથી પરમાત્માને પોકારતી આજીજી છે.

આપણી વ્યથા અને વેદનાને વાચા આપતી વિનંતી છે...!

**જેમ એક બાળક પોતાની માને ગમે ત્યાં અને ગમે તે સમયે બોલાવી શકે છે.**

**તેમ મા સ્વરુપ પરમાત્માને ગમે તે સ્થાને હૃદયનાં ભાવથી અને**

**અંતરના નાદથી પોકારી શકે છે.**

# શ્રી ઉવસગ્ગહર સ્તોત્રને બોલવાની લયબધ્ધ પધ્ધતિ.. !!

આ સ્તુતિ તો પરમાત્માને પોકારવાની પ્રાર્થના છે... પરમાત્માના આહ્વાનની આજીજી છે... આપણી વ્યથા અને વેદનાને વાચા આપતી વિનંતી છે. માટે આ સ્તવના કરતી વખતે આપણી શ્રધ્ધા ભાવના એવી પ્રબળ હોવી જોઈએ, જેમ બાળકનો અવાજ સાંભળી 'મા' દોડી આવે... જેમ ખીલે બાંધેલા વાછરડાનાં ભાંભરવાથી સીમમાં ચરતી ગાય દોડી આવે... તેમ આપણો સ્તુતિનો નાદ સાંભળીને સ્વયં પરમાત્માને આપણી પાસે દોડી આવવાનું મન થાય..!! કોઈ પણ સ્તોત્રનું સ્મરણ જો યથાવિધી કરવામાં આવે તો જ સિધ્ધિ પ્રાપ્ત થાય છે.

ધર્મ બે રીતે થાય છે... એક તમારું ચિંતન જે તમને ડાયરેક્ટ આત્મા તરફ લઈ જાય છે અને બીજો છે ભક્તિનો માર્ગ...!

**''ભક્તિ વગરનું જ્ઞાન જગતને આંજી શકે છે,**
**પણ માંજી શકતું નથી.''**

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની લયબધ્ધતા સમજાવી છે.

**પહેલું પદ :**



પહેલું પદ **''હંસ ગતિ''**થી બોલવાનું હોય છે. જેમ હંસ ધીરે ધીરે પાંખ ફેલાવી ઉડવાની તૈયારી કરે છે તેમ આ સ્તોત્રનાં એક એક અક્ષર ધીમે ધીમે મુખકમલમાંથી નીકળવા જોઈએ !

**બીજું પદ :**



બીજું પદ સિંહના નાદની જેમ બોલવાનું છે. સિંહની ગર્જનાની જેમ ફોર્સથી નાભિના ઊંડાણથી અક્ષરો બહાર કાઢવા જોઈએ. આવો અંતરનો નાદ આપણી આસપાસ એક એવા સુરક્ષા મંડળની રચના કરે છે જે આપણી સાધનાને વિચલીત થવા ન દે !

## ત્રીજું પદ :

આ પદ **‘‘હસ્તિ ગતિ’’** થી બોલવાનું છે. હસ્તિ એટલે હાથી. હાથી જેમ ધીમે ધીમે સ્થિરતાપૂર્વક એક જ ગતિથી ચાલે તેમ એક જ તાલમાં એક એક શબ્દનો ધ્વનિ નીકળવો જોઈએ.



કોઈની ગણના પણ નહીં અને કોઈની અવગણના પણ નહીં !

## ચોથું પદ :

આ પદ સર્પગતિથી બોલવાનાં હોય છે. સર્પ જેમ એક સમાન એક સરખા લયથી સરકે છે તેમ સ્તોત્રના એક એક અક્ષર અંતરમાંથી લયબધ્ધ નીકળવા જોઈએ. આ લયતા જ લીનતા અપાવે છે !



સુવિધીપૂર્વક બોલાયેલા ધ્વનિની અસર માનસ ઉપર થાય છે અને તેના તરંગોની અસર આખા શરીર ઉપર થાય છે.


**‘‘આ સ્તોત્ર પરમાત્મા તરફ લઈ જતી પગદંડી છે !’’**

સ્તુતિના સૂરો આત્માને ભીંજવવાનું કાર્ય કરે છે !

**પરમાત્માની આ સ્તુતિ... મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર**

**ગમે તે વ્યક્તિ, ગમે ત્યારે, ગમે તે સ્થાને,**

**ગમે તેવી પરિસ્થિતિમાં બોલી શકે છે.**



# શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની પ્રભાવકતા...



જે વ્યક્તિ નાભિના નાદથી શ્રધ્ધા અને અહોભાવ સાથે... શુધ્ધ ઉચ્ચારપૂર્વક... શુભ ભાવ સાથે પરમાત્માની આ સ્તુતિનું સ્મરણ કરે છે... પાર્શ્વયક્ષ તેના ઉપસર્ગો અને વિઘ્નો દૂર કરી સર્વ સંકલ્પો સાકાર કરી સિધ્ધિ અપાવે છે.

પૂ. ગુરુદેવના શ્રીમુખેથી આ સ્તોત્ર ગ્રહણ કરી... તેમની સાધના શક્તિથી ચાર્જડ કરેલી માળા દ્વારા પરમાત્મા પાર્શ્વનાથનું સ્મરણ અને સ્તુતિ કરે છે... તેઓ પણ એવા એવા અનુભવો કરે છે જે એમની દ્રષ્ટિમાં એક 'પ્રભાવ' જ હોય છે.

- ધંધામાં ખોટ અને ઉઘરાણીમાં અટવાયેલા નાણાને કારણે ડબલ મુસીબતમાં ફસાયેલાં અમદાવાદ નારણપુરાના શ્રી અમૃતલાલભાઈની ઉઘરાણી ઉવસગ્ગહર સ્તોત્ર બોલવાનું શરૂ કર્યાના સાત જ દિવસમાં આવી ગઈ.
- દિલ્હીનાં શ્રી જયંતિભાઈના લેરીંગ્સ-વોકલ બોક્ષ પર કેન્સરની ગાંઠ હતી. ડૉ. એ Operation કરી વોકલ બોક્ષ કાઢી નાખવાનું કહ્યું પણ જયંતિભાઈના મિત્ર બિપીનભાઈ ઝોંસાના કહેવાથી પૂ. ગુરુદેવ પાસેથી ઉવસગ્ગહર સ્તોત્ર ગ્રહણ કરી શ્રધ્ધાથી જાપ કરવાથી **વોકલ બોક્ષ બચી ગયું.**
- સાવરકુંડલામાં ચંદ્રેશભાઈ દોશીની દીકરી રીનાને પગનાં અંગુઠે વીંછી કરડયો... અસહ્ય વેદના સાથે રીનાના શરીરમાં ઝેર ની અસર વધતી હતી. પૂ. ગુરુદેવ ત્યારે ત્યાં જ હતાં. એ ભક્તિ ભાવે શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર બોલ્યાં અને રીનાના ફૈબાને પગ પર હાથ ફેરવવા કહ્યું એક, બે, ત્રણ વાર જાપ કર્યા અને રીના હસતી રમતી થઈ ગઈ. **સ્તોત્રનો આ પ્રભાવ સાવરકુંડલાવાળા માટે આજે પણ એક આશ્ચર્ય જ છે.**

- મુલુંડના સતિષભાઈને મિનરલ્સ વોટરનો ઓર્ડર હોય કે ઘાટકોપરના પ્રસન્નભાઈને Night driving માં ઊંઘનું ઝોલું આવ્યું હોય, જૂનાગઢના વિરેશભાઈના સસરાનો પેરેલીસીસનો એટેક હોય કે વડોદરાની કોમામાં આવી ગયેલી માનસી વૈદ્ય હોય, મલાડના સુશીલાબેનની દીકરીની મગજની બીમારી હોય કે વડોદરાના કેતનભાઈ – બીજલબેનના કાર એકસીડન્ટ હોય, ઉપલેટાની નંદિતા શેઠની અસાધ્ય બીમારી હોય કે વડોદરાના ટોળિયા પરિવારના નાના દીકરાનું અપહરણ હોય, રાજકોટના તુષારભાઈની માતાનો હાર્ટ એટેક હોય કે ગોંડલ રોડ સંઘ પ્રમુખ કીરીટભાઈ શેઠની carની ડીકીમાં ફટાકડાના તણખલાથી લાગેલી આગ હોય, વડોદરાના માલાબેનની સુટકેસ ખોવાયી હોય કે દીપેશભાઈ નો નેગેટીવ એટીટ્યુડ હોય, મુંબઈની દક્ષાને આવતા ભયાનક સ્વપ્ન હોય કે પરાગભાઈને ગુરુદેવના વચનસિધ્ધિનો અનુભવ હોય, અંબાડી રોડ પર રેણુકાબેન દેસાઈને નડેલા રીક્ષાનો એકસીડન્ટ હોય કે કેતકીબેનના જીવનનું પરિવર્તન હોય, વડિયાના પ્રફુલ્લાબેનને થતી શાંતિની અનુભૂતિ અને સ્વની ઓળખ હોય કે મીનાબેનના સ્વભાવનું પરિવર્તન હોય, મુંબઈના ગુંજન ચોવટીયાનાં gall bladderનો stone હોય, કે સિધ્ધ પીઢીકામાં જાપ કરી સંકલ્પ સિધ્ધ કરનાર આરતીબેન હોય, શાંતિ અને પ્રસન્નતા પ્રાપ્ત કરનાર પારસી બર્જીસભાઈ હોય, કે માનખુદના જય અને સંજના ગોયંકાનો કાર એકસીડન્ટ હોય... કે પછી અટલાદરાના સંજ્યભાઈ શાહ પરિવારની car divider પર ચઢી ગઈ હોય, કોલકત્તાનાં મનીષભાઈ નો Cancerનો રોગ હોય કે મુંબઈના ભારે વરસાદમાં અટવાઈ ગયેલાં પરેશભાઈ હોય, ટ્રાન્સમિડીયાવાળા જસ્મીન શાહનો કોર્ટનો કેસ હોય, કે ઘાટકોપરનાં પંકજભાઈ ગાંધીને મળેલ જીવનદાન હોય, કાંદીવલીના મંજુલાબેનના દીકરાને માથામાં આવતા એટેક હોય, કે અંધેરીના સી.ડી મહેતાનો અનુભવ હોય, દેરાવાસી પ્રદીપભાઈની અનિંદ્રાની બીમારી હોય, કે લોનાવાલા એન્જિનીયરીંગ માં ભણતો ધવલ હોય, કે પછી લંડન, દુબઈ, મસ્કતના ભક્તો હોય... કે પછી જાગૃતિ પારેખને ચાલુ વર્ષીતપ દરમ્યાન આવેલ હાર્ટ એટેક હોય અને એનેસ્થેશિયા વિના જ અઢી કલાકની સ્વેલીંગ માટેની પ્રોસેસ હોય, ઉવસગ્ગહર સ્તોત્રનું સ્મરણ અને માળામાંથી

નીકળતા દિવ્ય વાઈબ્રેશન્સ્ દુઃખ કે દર્દની અનુભૂતિ થવા જ દેતાં નથી... મંથન પારેખ જેને પપ્પાના વેલસેટ બીઝનેસ કરવા કરતાં આપ મેળે આગળ આવવાની ઈચ્છા હતી... પૂ. ગુરુદેવને વાત કરી... સામે એક માર્મિક અને મોહક સ્માઈલ મળ્યું અને દરરોજ ઉવસગ્ગહર સ્તોત્ર બોલવાનો આદેશ મળ્યો... આજે પોતાનો ફાર્માસ્યુટીકલ પેકેજીંગનો બીઝનેસ સ્વતંત્ર અને સફળતાપૂર્વક કરી રહ્યો છે... પ્રેમલ કામદાર... ઉવસગ્ગહર સ્તોત્રને ''મેજીક મંત્ર'' જ કહે છે કેમકે એણે હમણાં જ એના મેજીક પાવરનો અનુભવ કર્યો છે. ઓપરેશન પહેલાં પૂ. ગુરુદેવના દર્શન... સામે મળ્યા ડીવાઈન સ્માઈલ અને બે શબ્દો બધું સારૂં થઈ જશે... ''ઉવસગ્ગહર સ્તોત્ર સતત બોલવાની પ્રેરણા મળી અને હજારમાં એક જ વ્યક્તિ જેમાં સફળ થાય એ એક વ્યક્તિ તે હતી... અને ઓપરેશન પછીના રીપોર્ટસ્ અનબીલીવેબલ હતાં... જેનાથી ડોકટર્સ પણ આશ્ચર્યચકિત છે...!!! બધાંએ કયારેક અને કયારેક, કંઈક ને કંઈક નાના મોટા અનુભવો સાથે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની દિવ્યતાને અનુભવી છે, સુખ, શાંતિ અને સમાધિને પ્રાપ્ત કરી છે.

આપણે પરમાત્માની ભક્તિ કરીએ અને આપણામાં ચેતનાનું પ્રાગટય થાય, આપણાં ભાવોનું પ્રાગટય થાય, આપણી ભક્તિ ભળે, આપણી શ્રધ્ધા ભળે અને એ ચેતનાનો પ્રભાવ અનુભવીએ એ ભાવો સાથે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના આરાધના કરીએ, પરમાત્માની ભક્તિ કરીએ !


**જે ભક્તિમાં લાગી જાય છે તે જ સાક્ષાત્કાર અનુભવે છે જે ભક્તિમાં ભળતાં નથી તે કયારેય સાક્ષાત્કાર અનુભવી શકતા નથી.**

આપણી ખોટ એ જ છે કે આપણે પ્રત્યક્ષથી એટલાં બધાં ટેવાઈ ગયાં છીએ કે સાક્ષાત્કારની કલ્પના જ કરી નથી તેથી સાક્ષાત્કારની અનુભૂતિ કરી શકતાં નથી.

જ્યારે એક આત્મા પરમાત્માની સ્તુતિ કે ભક્તિ કરે છે ત્યારે તેને બે પ્રકારના લાભ થાય છે... એક દ્રવ્ય લાભ અને બીજો ભાવ લાભ. ભાવલાભથી અનંતા અનંતા અશુભ કર્મો અને અશાતા વેદનીય કર્મો ખપી જાય જ્યારે દ્રવ્ય લાભ તરીકે એની વેદના, પીડા, તકલીફ, આફતો જેવા અનેક ઉપસર્ગો શાંત થવા લાગે છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર એ પરમાત્માની એવી ઉત્કૃષ્ટ કક્ષાની ભક્તિ છે જે ભક્તિ કરતાં કરતાં આપણા અવગુણો, આપણા દોષો ધોવાઈ જાય અને આત્મા નિર્મળ

# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર યંત્ર પૂજન...



મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર યંત્રપૂજન- ઘણાં લોકોમાં જિજ્ઞાસા છે કે શું હશે આ યંત્ર પૂજનમાં ? શા માટે કરવાનું હોય ? કેવી રીતે કરવાનું હોય ? ઘણાંના મનમાં પ્રશ્નો ઊઠે છે... ઘણાંને જાણવાની કુતૂહલતા હોય છે... અને ઘણાંને એના વિશે જાણી, સમજી અને પછી ભાવથી પૂજન કરવાના અંતરના ભાવ હોય છે...

આ સંસારનું સનાતન સત્ય એક જ છે.

**સમસ્યાઓ ભલે અનેક હોય, પણ સમાધાન એક જ છે...!**

**પરમાત્માની ભક્તિ...!!!**

દેવગુરુની ભક્તિ કરવાથી શાંતિ અને સહન કરવાની શક્તિ મળે છે...!

જ્યોત સે જ્યોત જલે... અને જે પામ્યો છું એ પમાડવાની ભાવનાવાળા અને આત્માર્થ સાથે પરમાર્થની પણ ખેવના રાખનાર યુગ દિવાકર પૂ. ગુરુદેવ સર્વ આત્માના હિત, શ્રેય અને કલ્યાણની ભાવના સાથે... વિશ્વ શાંતિ અને વિશ્વમૈત્રીના ભાવો સાથે... એમની કઠિન છતાં અનુપમ સાધના શક્તિથી સમૃધ્ધ પોઝીટીવ વાઈબ્રેશન્સ્‌ના શુભ પરમાણુઓથી સમગ્ર વાતાવરણને શુભ અને પોઝીટીવ બનાવી પરમાત્મન્ ભક્તિના મંગલ ભાવોથી હર એક આત્માને ભાવિત કરાવતી આ દિવ્ય પૂજનની આરાધના કરાવે છે.

આપણે સહુ નિમિત્ત આધારિત જીવો છીએ અને નિમિત્ત આધારિત જીવોને એક નાનકડું પણ શુભ નિમિત્ત મળી જાય તો એમના ભાવોનું શુધ્ધિકરણ થયા વિના રહે જ નહીં... ભાવો જ્યારે શુધ્ધ થાય ત્યારે પરમાત્માની ઓળખ થતાં પરમાત્મા પ્રત્યેના પ્રિયતાના ભાવોથી આત્મા સ્પંદિત થવા લાગે છે. એ સમયે જો સમક્ષ અને સમર્થ સદ્‌ગુરુનું સાંનિધ્ય અને માર્ગદર્શન મળે તો આત્મા અવશ્ય ભાવિત થવા લાગે...! પછી પરમાત્મા પ્રિય અને પૂજ્ય બની જાય છે.

## પ્રિયતા વિનાની પૂજ્યતા ચાસણી વિનાની ઝલેબી જેવી હોય...!

માટે જ પરમાત્મા પ્રત્યે પ્રિયતાના ભાવ જાગૃત કરવા પરમાત્માને જાણવા જરૂરી છે. જ્યારે પરમાત્મા પ્રત્યક્ષ ન હોય ત્યારે જેમણે પરમાત્માને જાણ્યા છે... આત્માની ઓળખ કરી છે એવા સદ્‌ગુરુનું શરણ જ શ્રેષ્ઠ હોય છે.

આ યંત્ર પૂજન દ્વારા પૂજ્ય ગુરુદેવના પણ એ જ ભાવ છે કે હર એક વ્યક્તિ પરમાત્માને.... પરમાત્માના ગુણોને ઓળખે અને પરમાત્માને પોતાના પ્રિય બનાવે... જે એકવાર પ્રિય બને છે પછી જ તેના જેવા બનવાનું મન થાય છે.

જો ભગવાન જેવા બનવું હોય તો પહેલાં ભગવાનને પ્રિય બનાવવા પડે...!

સાધના શક્તિથી સમૃધ્ધ દિવ્ય વાતાવરણમાં પૂ. ગુરુદેવના અતલ ઊંડાણમાંથી... નાભિના નાદથી જ્યારે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના એક એક અક્ષરના દિવ્ય ધ્વની નીકળે છે ત્યારે હરએક શ્રધ્ધાવંત આત્મા સ્પંદિત થવા લાગે છે.

દિવ્યદેવ પાર્શ્વયક્ષ પૂજિત આ દિવ્ય આરાધના કરવાથી... પરમાત્મા પાર્શ્વનાથથી ઉત્કૃષ્ટ ભક્તિ કરવાથી... ભક્તિની ભવ્યતાને અંતરથી અનુભવવાથી... પાપકર્મ ક્ષયકારક યંત્ર પૂજન અનુષ્ઠાન કરવાથી... આધિ, વ્યાધિ, ઉપાધિ આદિ ઉપસર્ગોનું પરિશમન થાય છે... અને પરમ શાંતિ, સમાધિ અને પ્રસન્નતા સાથે આધ્યાત્મિક પ્રગતિનું પરિબળ પ્રાપ્ત થાય છે... આધ્યાત્મિક પ્રગતિ કરવા માટે મહાપ્રેરક શક્તિ પ્રાપ્ત થાય છે...!

### શ્રી ઉવસગ્ગહર યંત્રનું પૂજન શા માટે ?

- પૂ. ગુરુદેવની અજોડ સાધના શક્તિ અને પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યેની પરમભક્તિ જ્યારે એકત્ર થઈ નાભિના નાદ દ્વારા સ્તુતિ સ્વરૂપે બહાર આવે છે... ત્યારે એ શક્તિ અને ભક્તિના દિવ્ય પરમાણુઓ આસપાસના વાતાવરણમાં ફેલાઈ એક પોઝીટીવ આંદોલનોથી સમૃધ્ધ ઈલેકટ્રો મેગ્નેટીક ફીલ્ડનું સર્જન કરે છે.
- મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના એક એક અક્ષર જ્યારે અંતરઆત્માને પ્રભાવિત કરે છે ત્યારે તે આત્મા પરમાત્મા પ્રત્યેના ભાવોથી ભાવિત થઈ જાય છે... ઉપસર્ગોને ઉપશાંત કરી સુખ, શાંતિ અને સમાધિ દ્વારા ભાવિને ભવ્ય બનાવે છે એ ભવ્યતાને પ્રત્યક્ષ અનુભવવા માટે...!

- સ્તોત્રના રહસ્યોને સમજી એમાં રહેલી મહાશક્તિની અનુભૂતિ દ્વારા આપણી ચૈતન્યશક્તિને જાગૃત કરવા માટે...!
- આપણામાં રહેલાં નેગેટીવ વાઈબ્રેશન્સ અને નેગેટીવ વિચારોને કારણે માનસમાંથી સતત ઝરતાં નેગેટીવ કેમીકલના સ્રાવને અટકાવી પોઝીટીવ કેમીકલ સ્રાવના પ્રવાહને વેગવંતો બનાવી એના પાવર દ્વારા આસપાસ એક પ્રકારના ચેતન તત્ત્વો અને એવા પ્રકારની પ્રાણશક્તિના વલયનું સર્જન કરી આરાધના દ્વારા આત્માને પલ્લવિત કરવા માટે...!
- અનેક કુવ્યસનો અને અવગુણવૃતિઓથી છૂટવા માટે...!
- સૂક્ષ્મશક્તિના Power House સમા ભગવાન પાર્શ્વનાથ જેવા પરમતત્વની ચેતના સાથે આપણી ચેતનાનું Connection કરી એમની દિવ્ય શક્તિને આપણામાં Transfer કરવા માટે...!

પરમાત્મા પાર્શ્વનાથની ભક્તિ આરાધના એટલે જીવનનું એક મહામૂલું સંભારણું ! મહાપ્રભાવક ભગવાન પાર્શ્વનાથ એટલે મંત્રોની દુનિયાના 'માઈલ સ્ટોન'! એમની આસપાસ મંત્ર-સ્તોત્રની ઉપાસનાનાં એટલા તો દીવડા ઝળહળ્યાં છે કે એમાંથી એકાદ ઉપાસનાનો દીવડો જો આપણે આપણા જીવનમાં પ્રગટાવી દઈએ તો જીવતર ઝળહળી ઉઠે અજવાળાંના ધોધથી! તમને ખબર છે ? જ્યારે તમે જાપની સાધનામાં ડૂબી જાવ છો, ત્યારે તમારી આસપાસ એક 'ઈલેક્ટ્રો ડાયનેમિક ફીલ્ડ' રચાઈ જાય છે. તમારી આસપાસના અણુઓમાં એક ડિવાઈન પાવરફૂલ ઊર્જાનો આવિર્ભાવ થાય છે... અને બીજી તરફ તમારી ભીતરમાં ગુણાત્મક પરિવર્તન (Qualitative Transformation) આકાર લે છે... અને હા, તમારું વલણ એ માટે પોઝીટીવ હોવું જરૂરી છે !

મંત્રોમાં એ તાકાત છે જે તમારા વ્યક્તિત્વને બદલી નાંખે. તમારા અસ્તિત્વને બદલી નાંખે !

શ્રી ઉવસગ્ગર સ્તોત્ર વર્તમાન પંચમકાળના વેસ્ટર્ન વાતાવરણથી સર્જાતા નિમિત્તજન્ય દુઃખ, અસંતોષ અશાંતિથી બચાવીને સુખ, સમૃધ્ધિ, શાંતિ અને સફળતા કરફ લઈ જનાર પ્રગટ પ્રભાવક, મહા ચમત્કારિક, મહા લબ્ધિવંત, કલિકાલ કલ્પતરૂ સમાન મહા સિધ્ધિદાયક અને ભગવાનના સ્મરણથી સમકિતદાયક છે.

**પૂ. ગુરુદેવના શ્રીમુખેથી શાસ્ત્રોકત વિધિ અને માંગલિક મંત્રોચ્ચાર દ્વારા દિવ્ય પરમાણુઓની પોઝીટીવ એનર્જી અને પૂ. ગુરુદેવના પોઝીટીવ વાઈબ્રેશન્સ્થી સમૃધ્ધ થયેલ શ્રીયંત્રની ઊર્જાશક્તિની દિવ્યાનુભૂતિ રાખવા ને સતત સ્મરણ માટે.....**

૧. આ પાવન અને પવિત્ર યંત્રને એવા સ્થાને રાખવું જ્યાં તમારી દૃષ્ટિ વારંવાર પડતી હોય... જેના કારણે એ યંત્રમાંથી નીકળતાં દિવ્ય WAVESને તમે તમારી પાંપણમાં સમાવી, વારંવાર તમારા સમસ્ત શરીરમાં પ્રવાહિત કરી શકો.

૨. યંત્રને ઘરના દરેક MEMBERS ની HEIGHT કરતાં ઊંચા સ્થાને રાખવું કેમકે નેગેટીવ એનર્જી મસ્તકમાંથી જ બહાર નીકળતી હોય છે.

૩. ધાર્મિક દૃષ્ટિએ ઈશાન ખૂણાને (North-East corner) શુભ માનવામાં આવે છે, જો શકય હોય તો ત્યાં જ યંત્ર રાખવું.

જો ત્યાં શકય ન હોય તો ઉત્તર અથવા પૂર્વ દિશામાં પણ રાખી શકાય.

૪. યંત્રને કિચન કે બાથરૂમને touch થતી દિવાલ પાસે ન રાખવું, જેથી અશૂચીની અશાતાના ન લાગે.

૫. યંત્રને ઘરના મંદિરમાં પણ સ્થાપી શકાય અને તિજોરીમાં પણ મૂકી શકાય અથવા દિવાલ પર પણ રાખી શકાય.

૬. યંત્રને કયારેય એવા મંદિરમાં ન રાખવું જે મંદિરમાં દીવો થતો હોય અથવા એવા સ્થાને ન રાખવું જ્યાં અગ્નિ તત્ત્વ હોય... કેમકે અગ્નિની ઉર્જામાં યંત્રની ઉર્જા નષ્ટ થઈ શકે છે.

૭. યંત્રને આપ આપની સાથે બહારગામ કે ધંધાર્થે જતાં, ગમે ત્યાં લઈ જઈ શકો છો.

૮. દરરોજ ઓછામાં ઓછા એક વખત તો અવશ્ય યંત્રના દર્શન કરવા અને શકય હોય તો હાથમા લઈ પૂ. ગુરુદેવે બતાવેલી લયબધ્ધ પધ્ધતિથી, શુધ્ધ ઉચ્ચારણથી, ધ્વનીના નાદ સાથે (મનમાં નહીં) શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું સ્મરણ કરવું. આ યંત્ર સાધનાથી, એમાંથી નીકળતાં દિવ્ય waves થી તમારૂં ઘર, તમારી ઓફિસ (જ્યાં યંત્રની સ્થાપ્ના કરી હોય તે સ્થાન) અને આસપાસનું વાતાવરણ યંત્રના દિવ્ય અને પોઝીટીવ Wavesથી વ્યાપ્ત થઈ જશે... જેના

કારણે તમારા વિચારો, તમારા ભાવો પણ પોઝીટીવ થઈ જશે... આ પોઝીટીવ પાવર તમને દરેક ક્ષેત્રમાં સફળતા, શાંતિ અને સમૃધ્ધિ અપાવશે...!

**યંત્રની સ્થાપ્ના તો થઈ ગઈ... સીમ કાર્ડ મોબાઈલમાં ગોઠવાઈ ગયું... પણ જો એ Activate ન કરીએ તો...??**

**તો કનેકશન કયાંથી મળશે ?**

**બસ...! આ યંત્ર દ્વારા પરમાત્મા સાથેનું કનેકશન મેળવવું હોય તો આ યંત્રને પણ Activate કરવું જોઈએ ને ?**

**શ્રી યંત્રને Activate કરવા શું કરશો ?**

૧. પ્રથમ પરમાત્મા પાર્શ્વનાથના અને ગુરુદેવના ભાવથી દર્શન કર્યા બાદ શ્રીયંત્રને ડાબા હાથની હથેળીમાં રાખવું . ઉપર જમણા હાથની હથેળીને એવી રીતે ઢાંકવી જેથી હથેળીનું મધ્ય બિંદુ અને યંત્રનું મધ્ય બિંદુ જ્યાં **'ૐ'** અક્ષર અંકિત થયેલ છે તે બંને એક જ લાઈનમાં આવે.

આમ કરવાથી +ve energyનું Field Recharge થવાની શરૂઆત થઈ જશે.

૨. યંત્રને હથેળીમાં ગોઠવ્યા બાદ પૂ. ગુરુદેવે બતાવેલ લયબધ્ધ પધ્ધતિથી ખૂબજ શ્રધ્ધાપૂર્વક **નવ વખત મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની** સ્તુતિ કરવી.

આ વિધિ આપ અવાહક એવા ઊનના અથવા સુતરાઉ આસન ઉપર બેસીને અથવા ઊભા ઊભા કરી શકો છો. હા ! એ સમયે આપની દૃષ્ટિ યા તો પરમાત્માની દૃષ્ટિ સામે હોવી જોઈએ, યા તો શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પટ પર હોવી જેથી આપનું મન એકાગ્ર રહી શકે અને આપ પરમાત્માની ભક્તિમાં એકતાન થઈ શકો.

**સ્તોત્રની ઊર્જાને ગ્રહણ કરતી વખતે સાથે જો પરમાત્માની કૃપાદ્ષ્ટિ હોય તો શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ થાય...!**

૩. યંત્રને Activate કરવા માટેનો સર્વશ્રેષ્ઠ અને શુભ સમય છે પ્રથમ પોરસી સુધીનો એટલે કે સવારના ૯:૩૦ કલાક પહેલાંનો..!

બાકી આખા દિવસમાં ગમે ત્યારે પણ કરી શકાય છે.

**શ્રીયંત્રને Activate કરતી વખતે જો એમાં**

**તમારી શ્રધ્ધા અને સમર્પણતા, ભાવ અને ભક્તિ ભળશે...**

**તો અવશ્ય તમારા સર્વ સંકલ્પો નિર્વિઘ્ને સાકાર થઈ સફળતા અપાવશે.**

૪. યંત્ર સાથે સાતત્ય જાળવી, એક નજરથી તેની સમક્ષ દૃષ્ટિ કરવાથી પાર્શ્વયક્ષ અથવા પરમાત્માની પ્રતિમાના દર્શન થાય છે.

૫. કેસરમાં સૌથી વધારે પોઝીટીવ શક્તિ છે અને સર્વ ધર્મમાં પવિત્ર મનાય છે, માટે કેસરથી ભાવપૂજન કરવું.

૬. ત્રીજી આંગળીમાંથી સૌથી વધારે પોઝીટીવ વાઈબ્રેશન્સ્ નીકળે છે, તેમજ તેનું Connection સીધું હાર્ટ સાથે હોવાથી તે આંગળી થી પૂજન કરવું.

૭. પૂજન કરતી વખતે 'ૐ' અક્ષર ઉપર જ આંગળી મૂકવી... 'ૐ' બીજ મંત્ર છે.

૮. યંત્રમાં સંખ્યા એ માટે છે, કેમકે મંત્રને અંક સાથે સંબંધ છે. મૂળાક્ષરો મંત્ર છે અને જેમ મૂળમાંથી શાખાઓને પોષણ મળે એમ મૂળાક્ષર દ્વારા અંકોને પણ પોષણ મળે..!

૯. યંત્ર 'ગુરુવારે' જ શા માટે Charge કરવાનું ?

જેમની પાસેથી પ્રેરણા લીધી હોય એ ગુરુદેવ જો ગુરુવારે સાધના કરી મંત્રને સિધ્ધ કર્યા હોય તો ગુરુવારે Charge કરાવવાથી એમની સાધના શક્તિનો લાભ મળે...!

**જેટલી શ્રધ્ધા વધારે એટલી અનુભૂતિ વધારે.**

- આ શ્રીયંત્રને પૂ. ગુરુદેવ પાસે Charge કરાવવા લાવવું જરૂરી નથી. કેમકે, પૂજન વખતે જ પૂ. ગુરુદેવે પૂર્ણ Charge કરી આપે છે.
- જે પણ વ્યક્તિને આ યંત્ર પૂજન કરવાના ભાવ હોય તેમણે ખૂબ જ શ્રધ્ધાથી પૂજન કરવું... કેમકે પરમાત્માની કોઈ પણ વિધિ કે કોઈ પણ કાર્ય જ્યારે શ્રધ્ધાથી કરવામાં આવે છે ત્યારે સફળતા નિશ્ચિત થઈ જાય છે. માટે જ પરમાત્માએ ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ શ્રધ્ધાનું મહત્ત્વ દર્શાવ્યું છે.

માણસ પોતાના જીવનમાં... પોતાના વ્યવહારમાં કોઈ પણ વસ્તુ પોતાની પાસે ન હોય અને એને એની જરૂરત હોય તો ખરીદીને અથવા ઊછીની લઈને પણ પોતાનું

કામ પૂરૂં કરી લે છે, બુધ્ધિ પણ કોઇકની લીધેલી ક્યારેક આપણને કામ આવી જાય છે, પણ શ્રધ્ધા...???

શ્રધ્ધા ક્યારેય ઊછીની કામ લાગતી નથી, એ તો પોતાની સ્વયંની જ હોવી જોઈએ... એ જેટલી વધારે એટલું ફળ ત્વરીત અને શ્રેષ્ઠ..!! શ્રધ્ધા એ અંતરંગ બળ છે... શ્રધ્ધા એ સૂક્ષ્મ બળ છે... જે અંતરમાંથી જ જન્મે છે અને એકવાર જન્મ્યા પછી તેની સતત સંભાળ રાખવી પડે છે નહીં તો વહેમ, શંકા, અંધશ્રધ્ધા અને અધકચરી સમજ તેને ગુંગળાવીને મારી નાંખે છે.

અન્યથા શ્રધ્ધાની શક્તિ અપરંપાર હોય છે... જેને શ્રધ્ધાની શક્તિનો અનુભવ થાય છે તે ક્યારેય, કોઈનાથી વિચલિત થતાં જ નથી અને એવું પામે છે જે ક્યારેય કલ્પ્યું જ ન હોય...!

શ્રધ્ધાથી કરેલી ધર્મસાધના કષાયવૃતિ પર વિજય અપાવે છે...



# સર્વ સંકલ્પ સિધ્ધિદાયક સિધ્ધ પીઠિકા...

જીંદગીની કટોકટીની ક્ષણે સ્વયંસ્ફૂરિત થઇ નવજીવન બક્ષનાર શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પ્રત્યેની શ્રધ્ધા અને સાધનાથી પ્રાપ્ત સિધ્ધિને યુગ દિવાકર પૂ. ગુરુદેવ સમાજને અર્પણ કરી લાખો લોકોને પરમાત્માની પ્રભાવકતાના દર્શન કરાવી રહ્યાં છે...!

પ્રેરણા બે પ્રકારે કરી શકાય છે... પ્રત્યક્ષ અને પરોક્ષ... જ્યારે પરમાત્મા કે સદ્ગુરુ પ્રત્યક્ષ હોય ત્યારે તેમની પ્રેરણા 'પરમ' સુધી લઇ જવા સક્ષમ અને સમર્થ હોય છે... પણ જ્યારે પરમાત્મા કે સદ્ગુરુ પ્રત્યક્ષ ન હોય ત્યારે વ્યક્તિ એમના પ્રતિકને પ્રત્યક્ષ માની પ્રેરણા મેળવે છે.

ગોંડલ સંપ્રદાયના દીર્ઘદ્રષ્ટા યુગદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. એ પ્રતિક દ્વારા પ્રેરણા પ્રાપ્ત કરી પરમાત્માને પ્રેમ કરી શકે... પરમાત્મા પ્રત્યે અહોભાવને વધારી શકે, પરમાત્માનાં દર્શન દ્વારા દ્દષ્ટિને નિર્મળ બનાવી શકે... પરમાત્માને જોતાં જોતાં પરમાત્મા જેવા બનવાના ભાવ જગાડી શકે અને પરમાત્માની સમક્ષ બેસી ભક્તિ કરી શકે એવા શુભ ભાવ સાથે ઘાટકોપર – પારસધામના નિર્માણ સમયે જ કંઇક સંકલ્પ કરી **'સિધ્ધ પીઠિકા'** બનાવવાનો નિશ્ચય કર્યો હતો...

**સિધ્ધ પીઠિકાની સ્થાપ્ના :**

**યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવનું એક સ્વપ્ન હતું...** પરમાત્માની પ્રત્યક્ષતાનું પરમાત્માની પ્રભાવકતાની અનુભૂતિ કરાવતું એક સિધ્ધ સ્થાન હોવું જોઇએ... જ્યારથી જીવનના અંતિમ સમયે પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિરૂપ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર એમને સ્વયં સ્ફુરિત થયો છે અને નવજીવન આપ્યું છે ત્યારથી એ સ્તોત્ર એમના શ્વાસ બની આજ પર્યંત એમના હ્રદયને ધબકતું રાખે છે... અને ત્યારથી પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે એમનો પ્રેમ, એમની શ્રધ્ધા, એમનો અહોભાવ અને એમની ભક્તિ દિન પ્રતિદિન વૃધ્ધિ પામતાં રહ્યાં છે...

કરોડો વાર એ સ્તોત્રનું સ્મરણ અને જાપ સાથે કઠિન સાધના કરી એ સ્તોત્રને એમણે સિધ્ધ કર્યો છે. એ સિધ્ધિની શક્તિને આપણા સહુમાં સંસ્થાપિત કરવા કયારેક કલાકો સુધી એક પગે ઊભા રહીને તો કયારેક શિર્ષાસન કરીને... કયારેક કડકડતી ઠંડીમાં નિઃવસ્ત્ર થઇને તો કયારેક ભર ઉનાળામાં ગરમ વસ્ત્ર ધારણ કરીને, તો કયારેક આખી

આખી રાત સુધી ધ્યાનસ્થ અવસ્થામાં સ્થિર થઈને... શ્રેષ્ઠત્તમ સાધના કરે છે...! માટે જ એમના શ્રીમુખેથી સ્તોત્ર ગ્રહણ કરી... એમની સાધના શક્તિથી સમૃધ્ધ માળા દ્વારા સિધ્ધ પીઠીકામાં બેસી જપ સાધના કરનારને અનન્ય અનુભૂતિઓનો અહેસાસ અવશ્ય થાય છે.

સિધ્ધ પીઠિકાની રચના પણ નાનપણથી જાગૃત એમની 6th sense ના સંકેત અનુસાર જ કરવામાં આવી છે.

**મનવાંછિત ફળદાતાર સિધ્ધ પીઠિકાની રચના :**

સિધ્ધ પીઠિકાની દિવ્યતા એટલે મંદ મંદ સ્મિત વેરતી કૃપાનિધાન પરમાત્મા પાર્શ્વનાથની પ્રત્યક્ષતાની અનુભૂતિ કરાવતી અલૌકિક પ્રતિકૃતિ...!

સિધ્ધ પીઠિકાનું અનુપમ સૌંદર્ય એટલે સુવર્ણ અક્ષરાંકિત રત્નજડિત મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો વિશાળ પટ...!

સિધ્ધ પીઠિકાનું કેન્દ્ર એટલે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના બીજ મંત્ર અને અર્હમની સ્થાપનાવાળો મહા કલ્યાણકારી રજત કુંભ...!

સિધ્ધ પીઠિકાની જીવંતતા એટલે ચોવીસ કલાક પૂ. ગુરુદેવના શ્રીમુખેથી પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ રૂપ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું ગુંજન...!

સિધ્ધ પીઠિકાની ભવ્યતા એટલે નાના બાળકો, યંગસ્ટર્સ, વડીલો, વૃધ્ધો, જૈનો, અજૈનો, હિંદુ, મુસ્લીમ, શીખ, પંજાબી, મારવાડી, વાણિયા, વૈષ્ણવ, બ્રાહ્મણ, લુહાણા આદિની ભક્તિ...!!!

સિધ્ધ પીઠિકાની શ્રધ્ધા એટલે પૂ. ગુરુદેવના પોઝીટીવ વાઈબ્રેશન્સ્ અને પોઝીટીવ એનર્જીથી પાવન અને સમૃધ્ધ સિધ્ધ પીઠિકાના સંકલ્પ સાકારની અનુભૂતિઓ...!!!

સિધ્ધ પીઠિકાની સ્થાપના પાછળના ભાવ :

આત્માર્થ સાથે પરમાર્થની પણ ખેવના રાખનાર પૂ. ગુરુદેવ સર્વ આત્માના હિત, શ્રેય અને કલ્યાણની ભાવના સાથે... વિશ્વ શાંતિ અને વિશ્વમૈત્રીના ભાવો સાથે... એમની કઠિન છતાં અનુપમ સાધના શક્તિથી સમૃધ્ધ પોઝીટીવ વાઈબ્રેશન્સ્ના શુભ પરમાણુઓથી સમગ્ર વાતાવરણને શુભ અને પોઝીટીવ બનાવવું અને પરમાત્માન્ ભક્તિના મંગલ ભાવોથી હર એક આત્માને ભાવિત કરવા...!

# ડીવાઈન માળાનું મહત્ત્વ...



પદાર્થ કોઈ પણ હોય, જ્યારે એ પદાર્થમાં ડીવાઈન પાવર ભળી જાય છે ત્યારે તે પદાર્થ પદાર્થ ન રહેતાં દિવ્ય, શ્રેષ્ઠ, ઉત્તમ અનુભૂતિ બની જાય છે.

જ્યારે મારી પાસે ડીવાઈન પાવર્સ હોય ત્યારે કદાચ શરૂઆતમાં ખબર ન પડે, પણ જેમ જેમ એ ડીવાઈન પાવર્સ અસર કરવા લાગે ત્યારે મને રીયલાઈઝ થાય કે મારી આસપાસ કંઈક એવું છે કે જે મને ક્યાંક સપોર્ટ કરી રહ્યું છે, જે ક્યાંક મારી સંભાળ રાખી રહ્યું છે, જે ક્યાંક ને ક્યાંક મારા પ્રોબ્લેમ્સને સોલ્વ કરી રહ્યું છે... પણ આવું બને ક્યારે ? આ છે શું.. ? આ ડીવાઈન પાવર છે શું...? એ સમજવું બહુ જરૂરી છે.

ભગવાન મહાવીરે શાસ્ત્રોમાં દેવોના ચાર પ્રકાર બતાવ્યા છે.ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

આ ચાર પ્રકારમાંથી ભુવનપતિ એટલે નીચે રહેવાવાળા, વ્યંતર એટલે આપણી સાથે રહેવાવાળા, જ્યોતિષી એટલે આકાશમાં રહેવાવાળા અને વૈમાનિક એટલે આકાશની પણ ઉપર રહેવાવાળા..!

દેવો આખર છે કોણ ?

દેવો એટલે જેમના પુણ્ય વધારે છે તે..!

જેના ગુડલક વધારે હોય તેમની જેની પાસે એ ગુડલકના કારણે વર્લ્ડનાં બેસ્ટ પાવર્સ રહેતા હોય જેમકે, આંખ બંધ કરે અને જ્યાં ધારે ત્યાં પહોંચી જાય.. હાથ હલાવે અને અમુક પદાર્થ કાઢી શકે.. આવા બધાં વિશિષ્ટ પાર્વસ જેની પાસે હોય તે દેવલોકના દેવ હોય.!

આમ તો દેવલોકમાં અબજોનાં અબજો દેવો છે જ્યારે એની સરખામણીમાં

મનુષ્યો તો બહુ થોડા છે. દરેક મનુષ્યની સામે અબજો દેવો હોય છે. વળી મનુષ્ય તો જીવી જીવી ને કેટલું જીવે...૮૦, ૯૦, ૧૦૦ કે ૧૨૫ વર્ષ...! જ્યારે દેવો હજારો વર્ષ જીવતાં હોય અને પછી એમનું મૃત્યું હોય.

ભગવાન અને દેવોમાં ફરક શું ?

જેમનું ક્યારેય મૃત્યુ ન હોય અને મૃત્યુ પછી જન્મ ન હોય એવા સ્થાને જે પહોંચે છે તેમને ભગવાન કહેવાય છે.

અને જેમનું મૃત્યુ હોય અને મૃત્યુ પછી ફરી જન્મ લઈ જીવન વિતાવવું પડે તેને દેવ કહેવાય છે.

જેના સૌથી વધારે ગુડલક હોય તે દેવ હોય, અને જેને ગુડલક કે બેડલક ન હોય અને જે કર્મોથી મુક્ત થઈ ગયાં હોય તે પરમાત્મા હોય.

દુનિયા જેને 'ગોડ' માને છે તે બધાં દેવો છે. કેમકે ત્યાંથી એમની વિદાય થઈ એમનો પુનઃજન્મ થાય છે.

જ્યારે કોઈપણ વ્યકિતનો જન્મ થાય ત્યારે તે જન્મ તેના આગલા ભવના કરેલા કર્મ અનુસાર જ થાય..! દેવ તરીકેના જન્મમાં એ મોટા મોટા સુગંધી સરોવરમાં સ્નાન કરતાં હોય..નૌકાવિહાર કરતાં હોય, એમને પાણી, રત્નો, આભૂષણો, નીલમ, માણેક, પોખરાજ વગેરે સ્ટોન્સ ખૂબ જ પ્રિય હોય.

ઘણા દેવોને ગાર્ડન, ફૂલ, ઝાડ-પાન ખૂબ જ પ્રિય હોય એટલે એ આખો સમય વિશાળ રંગબેરંગી ઉધાનમાં જ રહેતાં હોય. એમને એવું વાતાવરણ અત્યંત પ્રિય હોય. એટલે ભગવાન મહાવીર એમ કહે છે,

**"જ્યાં તમારી આસકિત હોય**

**ત્યાં તમારી ઉત્પતિ થાય."**

દેવલોકના દેવોની આસકિત શેમાં હોય ?

**પાણીમાં..** આખો આખો દિવસ સરોવરમાં સ્નાન કરતાં હોય....

**વનસ્પતિમાં..** આખો આખો દિવસ ગાર્ડનમાં વિહરતાં હોય....

**આભૂષણોમાં..** શરીર અને મકાનો પણ રત્ન જડિત હોય....

એ બધું એટલું આકર્ષક હોય જેના કારણે એમને આકર્ષણ થાય..અને આકર્ષણ

થાય એટલે આસકિત થાય...આસકિત થાય એટલે ઉત્પતિ થાય..!!

**જ્યાં આકર્ષણ ત્યાં ઉત્પતિ થાય.**

હવે શું થાય? શું બને ?

દેવલોકના દેવોને એના મૃત્યુ પહેલાં છ મહિના પહેલાં ખબર પડી જાય કે મૃત્યુ પછી મારો જન્મ ક્યાં થવાનો છે? એને ખબર પડી જાય..અરે ! મૃત્યુ પછી મારે સ્ટોનમાં જન્મ લેવાનો છે, કેમ ? કેમકે, સ્ટોન પ્રત્યે આકર્ષણ હતું અને સ્ટોનમાં જ અત્યંત આસકિત હતી.

એટલે પોખરાજ જેવા સ્ટોનમાં શું હોય ?

દેવલોકના દેવોનો જીવ હોય..!

એક ક્ષણ પહેલાં ....મૃત્યુની એક જ ક્ષણ પહેલાં...શું હતું?

હજારો રાણીઓ..વૈભવ...વિલાસ..સુખ–સાહ્યબી.. અને બીજી જ ક્ષણે શું થયું ? એક નાનકડા સ્ટોનમાં જન્મ..!! ન આંખ મળે ...ન કાન...ન જીભ..બસ ! એક સ્ટોન રૂપે જીવવાનું..!!

**કેટલાંક દેવો જેમને ગાર્ડન પ્રત્યે આસકિત હોય તેઓ શ્રેષ્ઠ વનસ્પતિ જેવી કે, તુલસી, આસોપાલવ, રૂદ્રાક્ષ, સવન, અકલબેર..માં જન્મ લે.**

દેવલોકના દેવો મૃત્યુ પામે તેની પહેલાં થોડા સમય પહેલાં એકદમ શાંત..શાંત થઈ જાય...એટલે એના મિત્રો–દેવો પૂછે ..કેમ, તમે આટલા શાંત થઈ ગયા છો? ત્યારે જવાબ આપે કે મારૂ મૃત્યુ ટૂંક સમયમાં થઈ જવાનું છે અને હું આ જગ્યાએ જન્મ લેવાનો છું. હું આવો દેવ અને એક અકલબેર જેવી વનસ્પતિમાં જન્મ લેવાનો છું. મને ત્યાં નહીં ગમે..મારે ગંગા જેવી નદીનું પાણી બનવાનું છે..મને નહીં ગમે..મને એક નાનકડાં સ્ટોનરૂપે જન્મવાનું છે..મને ત્યાં નહીં ગમે...એટલે બીજા બધાં દેવો એને સમજાવે.. મનાવે.. ત્યારે તે માંગણી કરે..એવું કંઈક કરો..હું જ્યાં પણ જાઉં ત્યાં મારી પૂજા થાય. ત્યાં મારૂ સ્થાન બીજા કરતાં કંઈક ઊંચુ હોય.. ! તમે મારૂ ધ્યાન રાખજો..! હું ત્યાં જાઉં પછી મારી કેર કરજો..અને પછી એ વચન લે...અને એ પ્રોમીસનાં કારણે એનો જ્યાં જન્મ થાય ત્યાં મિત્રો દેવો એની આસપાસ ફરતાં હોય ...તેની કેર કરતાં હોય..તેનું સ્થાન ઊંચુ રહે એવું ધ્યાન રાખતા હોય.

મિત્રો દેવોને પોતાના મિત્ર દેવ પ્રત્યે પ્રેમ હોય અને એ પ્રેમના કારણે પ્રોમીસ પાળતાં હોય.પોતાની ફરજ નિભાવતા હોય. માટે જ તુલસી, રૂદ્રાક્ષ, સવન, આસોપાલવ, અકલબેર જેવા વૃક્ષો કે એના ફળો પૂજાય છે.

વડ પૂજાય છે... પીપળો પૂજાય છે...કેમ? કેમકે, દેવલોકના દેવોનો એમાં વાસ હોય છે. પોખરાજ, નીલમ, ડાયમન્ડ, જેવા સ્ટોન્સ જે ચમકતાં હોય..તેનું ખાસ સ્થાન હોય..વિશેષ કિંમત હોય. કેમકે .. હજારો વર્ષ સુધી દેવરૂપે ગુડલક ભોગવ્યા હોય.. એ ગુડલક, એ પુણ્ય કંઈ મૃત્યુ થતાં જ ખતમ કે ખલાસ ન થઈ જાય.. એટલે અહીં જન્મ લીધાં પછી પણ તે બધાંથી અલગ હોય...શ્રેષ્ઠ હોય. આ બધી સમજ માત્ર આ ભવમાં જ .. આ મનુષ્યભવમાં જ મળે છે. બીજા કોઈ ભવમાં આવી સમજ મળતી નથી.

અને આવી સમજ મળ્યા પછી પણ શું આ સંસારમાં જ રહીશું ? કે પછી આ સમજના આધારે આપણે આપણો આ ભવ સુધારીશું? સંસારની વ્યકિતઓ તો જન્મો જન્મમાં મળી હતી...ભવોભવમાં મળી હતી. એની સાથે જીંદગી વિતાવીને શું કર્યું છે ?

**"જે સમજી જાય છે તે સુધરી જાય છે."**

દેવલોકના દેવો છેલ્લા છ મહીના સુધરવાનો પ્રયત્ન કરે છતાં સુધરી શકતાં નથી અને એટલે જ અંતે તેમને જન્મ લેવો જ પડે છે...અને એ જન્મ પણ ક્યાં લેવો પડે છે? પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ...!

આ ત્રણ જગ્યાએ એમનો જન્મ થાય છે.. અને આ ત્રણ જગ્યાના અમુક અમુક પદાર્થો દૈવી પદાર્થ ગણાય છે. કેમકે, એમાં ડીવાઈન પાવર્સ હોય છે.

એમાં ડીવાઈન પાવર્સ શા માટે હોય છે?

કેમકે, દેવલોકના દેવો જેઓ મૃત્યુ પામ્યા હોય, તેમણે તેમાં જન્મ લેવો પડયો હોય, પણ એમના ડીવાઈન પાવર્સ તો મૃત્યુ પામ્યા ન હોય એટલે એ એમના ડીવાઈન પાવર્સ લઈને આવે.. અને એની આસપાસ પણ એનાં બધાં જ સ્વજનો, મિત્રો જે દેવરૂપે હોય તે બધાં જ આવતા હોય...એટલે આ પદાર્થોને શ્રેષ્ઠ અને ઉત્તમ માનવામાં આવે છે.

એટલે જ તુલસી, આસોપાલવને લોકો શુભનું પ્રતિક માની ઘરમાં રાખે છે. આ પદાર્થો ઘરમાં આવવાથી ઘરમાં રહેલી નેગેટીવીટીને .. ઘરમાં રહેલાં અશુભ તત્વોને દૂર કરી આખા ઘરના વાતાવરણને શુભ અને પોઝીટીવ બનાવી દે છે.

એટલે જ રૂદ્રાક્ષ, સવન કે અકલબેર જેમનાં ઘરે જાય છે તેના ઘરની નેગેટીવ

એનર્જી અને અશુભ ઓરાનો નાશ થઈ જાય છે અને ઘરનું વાતાવરણ શાંત અને પવિત્ર થવા લાગે છે.

આ કંઈ મિરેકલ્સ નથી. આ કોઈ ચમત્કાર નથી.. આ વિશ્વની રચના છે.

અને વિશ્વની રચના પ્રમાણે જ થઈ રહ્યું હોય છે.

માટે જ, આવા પદાર્થોની અશાતા ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.. એટલે જ આવા પદાર્થો પ્રત્યે અત્યંત અહોભાવ રાખી ઉચ્ચ સ્થાન પર રાખવા જોઈએ.. એટલે જ આવા  પદાર્થોની કેર કરવી જોઈએ.

'' પ્રસન્નતા દરેકને પ્રિય હોય છે.''

જે સમયે તમે કોઈ વ્યકિતનો આદર કરો, ભાવથી એનું સન્માન કરો.. એ પ્રસન્ન રહે એવું વાતાવરણનું સર્જન કરો તો એને ગમે અને એ પણ પ્રસન્ન થાય.

શું તમે મૂડલેસ હો, ઉદાસ હો, નિરાશ હો, તો કોઈને ગમે ?

ન ગમે..!!

એટલે જ્યારે આ માળા આપણા ઘરે આવે ત્યારે ખૂબ જ માન સન્માન સાથે ..આદર અને અહોભાવ સાથે..ઉલ્લાસ અને ઉમંગથી એની પોઝીટીવનેસને ઝીલવી જોઈએ અને એનો સ્વીકાર કરવો જોઈએ..!

**આ માળા કયારે લવાય ?**

માળા હંમેશાંને માટે જો બ્રહ્મ મૂર્હુતમાં આપણા ઘરમાં પ્રવેશે તો શ્રેષ્ઠ ગણાય. સંતો કે ગુરુ કદાચ નિયમ પ્રમાણે વહેલી સવારે ન પધારી શકે..પણ જો એમનાં શુભ અને પોઝીટીવ વાઈબ્રેશન્સ પણ ઝીલવામાં આવે તો પણ શ્રેષ્ઠ ગણાય.

વહેલી સવારનો...સૂર્યોદય પહેલાંનો બે કલાકનો સમય બ્રહ્મ મૂર્હુત કહેવાય છે અને સૂર્યોદય પછીનો થોડોક સમય પણ બ્રહ્મ મૂર્હુતનો ગણાતો હોય છે.

કેમકે રાતના આખી દુનિયા સૂતી હોય...સૃષ્ટિ શાંત હોય.. એટલે પાપના કાર્યો..પાપના વાઈબ્રેશન્સ ઓછા હોય, એટલે વાતાવરણ શાંત અને પવિત્ર હોય.

એટલે માળા જ્યારે શુભ વાઈબ્રેશન્સનો સમય હોય ત્યારે લાવવી જોઈએ. બાકી **પદાર્થ સ્વયં જ શુભ છે તો એ શુભ જ કરશે ...એટલે જ્યારે અનુકૂળતા હોય ત્યારે લાવી શકાય.**

### આ માળા ક્યારે કરાય ?

જ્યારે માળા પોતે જ મંગલ છે ત્યારે દરેક સમય મંગલ જ હોય છે. એટલે માળા ક્યારે કરાય એ પ્રશ્ન જ રહેતો નથી. જ્યારે પણ ભાવ જાગે..જ્યારે પણ મન થાય..જ્યારે પણ હૃદયની ઊર્મિ જાગે..ત્યારે કરાય..

જ્યારે મન શાંત હોય..ખુશ હોય ત્યારે કરાય. જ્યારે આળસ આવતી હોય..કંઈક તકલીફ થતી હોય.. જ્યારે ગુસ્સો આવતો હોય..જ્યારે ઉદ્‌વેગ હોય.. જ્યારે આપણામાં કોઈપણ જાતની નેગેટીવીટી હોય ત્યારે માળા કે કોઈપણ પોઝીટીવીટીવાળા પદાર્થોનો સ્પર્શ ન કરવો જોઈએ.

### આ માળા ક્યાં કરાય ?

માળા ગમે ત્યાં કરી શકાય. બની શકે તો બાથરૂમ કે અશુચિવાળા સ્થાનથી ૩-૪ ફૂટ દૂર રહીને કરવી જોઈએ.

### માળા કઈ તરફ મોં રાખીને કરવી જોઈએ ?

હંમેશાં પરમાત્મા નોર્થ-ઈસ્ટ એટલે કે ઈશાન ખૂણામાં હોય છે. એટલે કાં નોર્થમાં..કાં ઈસ્ટ માં..અથવા નોર્થ-ઈસ્ટ તરફ મોં રાખીને માળા કરી શકાય.

### આ માળા ઘરે જ કરાય કે પૂજ્ય ગુરુદેવ પાસે ગુરુદેવના સાંનિધ્યમાં કરવી જોઈએ ?

માળા પૂ. ગુરુદેવ પાસે પૂ. ગુરુદેવના પાવન સાંનિધ્યમાં પણ કરી શકાય પણ ત્યાંનું વાતાવરણ તો આમ પણ પોઝીટીવ જ હોય.

એટલે જ્યાં નેગેટીવ વાતાવરણ હોય ત્યાં જો પોઝીટીવ પદાર્થ જાય તો ત્યાંનું વાતાવરણ પોઝીટીવ થઈ શકે.. એટલે  આ માળા ઘરમાં, દુકાનમાં, ફેકટરીમાં, બધે જ કરી શકાય.

### આ માળા બધાં જ લોકો જ  કરી શકે ?

પરમાત્માનું નામ અને પવિત્ર પદાર્થ..એ બંને જ્યારે ભેગા થાય ત્યારે તેની ડીવીનીટી અને તેના પાવર્સ તો વિશેષ જ હોય.

ગમે ત્યારે, ગમે તે વ્યકિત, ગમે ત્યાં અને ગમે તેવા સંજોગોમાં કરી શકાય, સિવાય કે જ્યારે કોઈ અશુધ્ધ હોય ત્યારે ન કરી શકાય.

**માળા કરતી વખતે કઇ આંગળી વાપરવી જોઇએ ?**

માળા કરતી વખતે પહેલી આંગળી દૂર રાખવી જોઇએ, કેમકે એમાંથી નેગેટીવ ફોર્સ બહાર નીકળતો હોય છે.

**જયાં સુધી આપણી આસપાસમાં ડીવાઇન પાવર્સ હોય છે ત્યાં સુધી આપણી સુરક્ષા કરવી નથી પડતી..થવા લાગે છે..ત્યાં સુધી આપણી આસપાસ પ્રેમ અને સદ્ભાવના વાતાવરણને સર્જવું નથી પડતું સજાર્ય જાય છે. એટલે આ માળાનું મહત્વ જેવું તેવું તો છે જ નહીં.**

આ માળા જ્યારે ઘરે આવી હોય ત્યારે બહારના લોકો પણ.. **અજૈન લોકો પણ આવીને આ માળા કરી શકે છે.** જ્યારે માળા ઘરે આવી હોય ત્યારે ખાસ આસપાસના લોકોને..મિત્રોને સગા–સ્નેહીઓને આમંત્રણ આપીને બોલાવવા જોઇએ જેથી તેમને પણ આ માળાના ડીવાઇન પાવર્સની પ્રાપ્તિ થાય.

જેટલાં પણ આ માળા કરશે તેમના માટે શ્રેષ્ઠ જ છે..પણ હા, એના માટે ઘીનો દીવો, અગરબત્તી કે ધૂપ કરવાની જરૂર નથી.

આ માળાથી ભાવ પૂજા કરવાની છે.

દ્રવ્ય પૂજા નહીં...!

આ માળા ઘરે આવે ત્યારે ભક્તિ કરી શકાય..સ્તવન ગાઇ શકાય..અંદરથી જે પ્રેમ, ભાવ અને ભકિતનો ઉલ્લાસ પ્રગટે તે બધું જ કરી શકાય.

જ્યારે ભગવાન ઘરે પધાર્યા હોય ત્યારે ભગવાનની ભક્તિ કરવા આવનાર કયારેય ઘરેથી ભૂખ્યો ન જવો જોઇએ. દેવગુરુ ઘરે પધાર્યા હોય ત્યારે કોઇને ભૂખ્યાં મોકલાય જ નહીં.

જ્યારે આ માળા ઘરે આવે ..તમારૂં હૃદય ભાવવિભોર થઇ જાય. તમે સાક્ષાત પરમાત્માને અનુભવો..એ અનુભવને અક્ષરોમાં લખવા જોઇએ જેથી એ અનુભવ જ અન્ય માટે પ્રેરણા બને..એ પણ ભકિત કરે અને માળાના પ્રભાવને અનુભવે.

જેમ જેમ પ્રભાવને અનુભવતા જઇએ, તેમ તેમ ભાવ વધતા જાય, જેમેમ ભાવ વધતાં જાય, તેમ તેમ વધુને વધુ પ્રભાવને અનુભવાય છે. એટલે પ્રભાવથી ભાવ વધે છે અને ભાવથી પ્રભાવ વધે છે. જેટલી ભાવની ઉત્કૃષ્ટતા વધારે, તેટલી પ્રભાવની અસર

વધારે થાય.

શ્રધ્ધા આપણા અંદરના ભાવને પોઝીટીવ કરે છે. જેમ જેમ ભાવમાં પોઝીટીવનેસ વધારે તેમ તેમ પ્રભાવની અસર વધારે.

જેમ ઘીના દીપકને ઘી મળતું જાય તેમ તેમ તેની જ્યોત પ્રજ્જવલિત રહે. ઘી ન મળે તો જ્યોત ધીમે ધીમે બુઝાય જાય.

એમ જેટલો ભાવ વધારે તેટલો પ્રભાવ વધારે અનુભવાય છે.

આ માળાથી અર્હમ, ઉવસગ્ગહર સ્તોત્ર, કાંઈ પણ બોલી શકાય છે.

માળા ૧૦૮ પારાની હોવાના કારણે અને શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર લયબધ્ધ બોલવા જતાં કલાકો લાગી શકે છે માટે માત્ર ''ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ..'' પણ બોલી શકાય છે. એક સાથે સમૂહમાં પણ બોલી શકાય છે. માળા જેના હાથમાં હોય તેના તો પરમ સદ્ભાગ્ય હોય. પણ માળાની ઓરા આખા ઘરના વાતાવરણમાં હોવાથી લાભ દરેકને મળવાનો જ છે.

**મંત્ર ભળે શ્રદ્ધા ભળે અને પોઝીટીવ વાઈબ્રેશનસ ભળે એટલે પોઝીટીવ પાવર્સ અનેક ગણો થાય જ અને ડીવાઈન પાવર્સ અવશ્ય અનુભવાય જ. આ ચમત્કાર નથી...આ આપણી શ્રદ્ધાનો પ્રતિભાવ છે.**

**માળા કરતી વખતે જ્યારે વાઈબ્રેશન્સ ફીલ થતાં હોય ત્યારે શું બનતું હોય ?**

તો જેમણે તમને આ માળા આપી છે તે ગુરુ અને જેમની આ માળા છે તે દેવ..બંને સુધી તમારા આ વાઈબ્રેશન્સ પહોંચતા હોય એટલે એમનું અને એમના વાઈબ્રેશન્સનું કનેકશન તમારી સાથે થતું હોય એટલે એ સમયે જો તમે વાઈબ્રેટ થતાં હો, તમારા હૃદયમાં અલગ પ્રકારની ફીલીંગ્સ્ થતી હોય, ત્યારે એક અલગ પ્રકારની અનુભૂતિ થાય..કેમકે આપણી ભકિત જ પરમાત્મા કે ગુરુ સાથેનું કનેકશન હોય છે સ્વીચ જેવી ઓન થાય એટલે ઓટોમેટીક વાઈબ્રેશન્સ તો આવવાના જ..!

જ્યારે પણ માળા ઘરે આવે ત્યારે કોઈ આશા ન હોવી જોઈએ, કોઈ અપેક્ષા ન હોવી જોઈએ.

**જ્યારે તમે કોઈ ઈચ્છા ધરાવો છો ત્યારે પુણ્ય ખર્ચાય છે પણ જ્યારે તમે ભક્તિ ધરાવો છો, ત્યારે તમારા પુણ્ય બંધાય છે.**

પુણ્ય હશે, ગુડલક બનશે, ઓટોમેટિક બધું જ પૂરૂં થવાનું છે.

કોઈપણ આશા સાથે, કોઈપણ ઈચ્છા સાથે, કોઈપણ અપેક્ષા સાથે આ માળા કરવી એ આ માળાનું અવમૂલ્યન છે.


જ્યારે આ માળા ઘરે આવે ત્યારે કન્ટીન્યુઅસ માળા ગણવી જરૂરી નથી. પણ જ્યારે ન ગણતા હો ત્યારે ત્યારે નોર્થ, ઈસ્ટ, કે નોર્થ-ઈસ્ટમાં રાખવી જરૂરી છે.

આપણું બેસવાનું આસન હોય તેના કરતાં ઊંચા આસને રાખવી જોઈએ. (બાજોઠ કે પાટલા ઉપર) જમીન ઉપર ન રખાય.

**''ઉત્તમ પદાર્થનું સ્થાન પણ ઉત્તમ હોવું જોઈએ.''**

માળા હંમેશા કુદરતી પદાર્થની જ હોવી જોઈએ. ક્યારેય પ્લાસ્ટીકની કે મેટલની ન હોવી જોઈએ.

**જેમના ઘરે માળા આવે તેઓ ઉલ્લાસથી, ઉમંગથી, ભાવથી,ભક્તિથી, શ્રદ્ધાથી એનું સ્વાગત કરે.. એનો સ્વીકાર કરે...ભક્તિ કરતાં કરતાં એના ડીવાઈન પાવર્સને... એની પોઝીટીવીટીને એના પ્રભાવને અનુભવે અને સુખ, શાંતિ અને સમૃદ્ધિને પામે એ જ મંગલ ભાવના...!!**



# *Uvasaggaharam gave ME new LIFE...*

"On January 31, 2003, I had a severe and sudden attack of Myasthenia Gravis and was admitted to the ICU at H.N. Hospital in Mumbai. Myasthenia Gravis is a rarely occurring disease in which the affected muscles stop working. First my throat and tongue muscles stopped working… tongue was curled up, I could not speak, eat or drink…. could not even swallow my spit. Then in the next 10-12 hours, the eye, neck, back, lungs, kidney, legs all muscles stopped working. Eyes would not close, I slept with open eyes, was put on a ventilator and had many tubes connecting to various life support mechanisms.

The best neurologists of Mumbai were treating me, the 'father of myasthenia gravis' in London was contacted for treatment, but for 1 month my health only deteriorated day by day. Blood dialysis was carried out 6 times but to no effect.

On March 6, Pujya Gurudev visited the hospital and showered his blessings on me. And from that day, my health started showing signs of improvement. Pujya Gurudev then sent a 'mala' with my mother and asked me to recite Shree Uvasaggahar Stotra 9 times. I did not know the stotra and could not count the mala. So, Pu. Gurudev sent a cassette in which he had recited Shri Uvasaggahar Stotra. I used to listen to it 9 times in the day. Every day I was being poked several times but I didn't feel much pain. Also, doctors were worried I would get bed soars by sleeping in the hospital bed for such a long time. Not a single bed soar happened. I had to suffer because of my karmas, but because I was listening to Shree Uvasaggahar Stotra and with Pujya Gurudev's blessings, my pain reduced and there were no other complications. Then, I had to undergo a surgery 'thymectomy' in which the chest is opened as in a bypass surgery and the thymus gland is removed. The surgery was completed in only half the time than usual.

Doctors estimated that it may take a year for all the muscles to become functional. **I have come back from the jaws of death.** If just by listening to Shree Uvasaggahar Stotra, if I can recover then, if we recite, Shree Uvasaggahar Stotra with devotion, we will be drenched with Parmatma and Pujya Gurudev's blessings."

- Nandita Sheth

# યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવની પ્રત્યક્ષતાની

## અનુભૂતિ કરવા આપના માટે છે... D.V.D.

**હજારો ઘરોમાં સવારથી સાંજ સુધી ગુંજતો...**

**પૂજ્ય ગુરુદેવનો નાભિનો નાદ...**

**એક અલૌકિક અવાજ...**

**એક એવો અવાજ...**

**જે માત્ર કાનમાં જ સંભળાતો નથી... પણ હૃદયમાં સતત ગુંજતો રહે છે...**

એવા બ્રહ્મ ધ્વનીનો દિવ્ય અનુભવ કરી આજ સુધી પાંચ લાખથી વધુ ભાવિકોએ આવી વિવિધ પ્રકારની D.V.D. દ્વારા આત્મલક્ષી માર્ગદર્શન મેળવ્યું છે... આત્મ શુધ્ધિની દિશામાં પ્રગતિ કરી છે અને દેવગુરુના સાક્ષાત્કારની અનુભૂતિ કરી છે....




**મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પૂજ્ય ગુરુદેવના બ્રહ્મધ્વની માં.**





**શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર - ઇંગ્લીશ.**




**શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર અને યંત્રપૂજન સમજ.**




**શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ભાવપૂજન.**



# યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

## શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર આરાધક...

યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવનું નામ આજે વિશ્વમાં વિશ્વવ્યાપી બન્યું હોય તો એક એમની સર્વ પ્રત્યેની હિત, શ્રેય અને કલ્યાણની ભાવના અને તે માટે સર્જાતા નવા નવા મિશન્સ્ અને સત્કાર્યો અને બીજું એમની કૃપાનિધાન પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યેની અનન્ય શ્રધ્ધા, ભક્તિ અને પ્રેમ..!! શ્રધ્ધા, ભક્તિ અને સતત સ્મરણ અને ઉત્કૃષ્ટ સાધના દ્વારા એમણે આ સ્તોત્રને સિધ્ધ કર્યો..!!

સ્વયંને પ્રાપ્ત આ સિધ્ધિને સ્વયં સુધી ન રાખતાં અનંતી કરૂણા કરી એક એક વ્યક્તિ અને પ્રત્યેક જીવ સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો... અને આજે દેશ-વિદેશના હજારો ભાવિકો અને ભક્તો અનન્ય શ્રધ્ધાથી ગુરુકૃપાથી... ગુરુપ્રેરણાથી... પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરી પરમાત્માના પ્રભાવની પ્રતીતિ કરી રહ્યાં છે... આધિ, વ્યાધિ, ઉપાધિથી મુક્ત થઇ સુખ, શાંતિ અને સમૃધ્ધિને પામી રહ્યાં છે.

યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવના મિશન્સ્માં આવે છે...

અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન જૈન જ્ઞાનધામ, શ્રી ઉવસગ્ગહર ભક્તિ ગ્રુપ, અર્હમ સત્સંગ, ગુરુ સ્પંદન ગ્રુપ, ડીવાઈન મિશન, ધર્મ શ્રવણ, સીનિયર સીટીઝન ગ્રુપ, પારસધામ અને પાવનધામ..!

પૂજ્ય ગુરુદેવની પ્રેરણા અને માર્ગદર્શનથી પ્રકાશિત થાય છે... પ્રાણપુષ્પ (માસિક), જૈન ક્રાંતિ (માસિક) અને લુક એન લર્ન (પાક્ષિક)..! ઉપરાંત એમના પ્રવચનો, આત્મસિધ્ધિ વાંચના, ભક્તિ સ્તવન, શિબિર, સ્તુતિ, કાર્યક્રમો આદિની ડી.વી.ડી..!!

## ...શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર...

એક એવું પુસ્તક જે જૈનોના ત્રેવીસમાં તીર્થંકર પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ ''મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર''ના ઉદ્ભવથી લઈ એના પ્રભાવ સુધીની વિશેષ માહિતી આપે છે.

આ પુસ્તકના પ્રેરણાદાતા યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ આ સ્તોત્રના પ્રભાવથી કેવી રીતે જીવલેણ રોગથી બચી ગયાં અને કયા સંજોગોમાં, કઈ ક્ષણે, કેવી રીતે સ્વયં સ્ફૂરિત થઇ જીવનનો શ્વાસ બન્યો તેની સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી છે.

આટલા વર્ષો પછી પણ, આ કાળમાં આ સ્તોત્રના પ્રભાવની અને પરમાત્માના સાક્ષાત્કારની અનન્ય અનુભૂતિ જૈન-અજૈન વારંવાર કરી રહ્યાં છે.

**Log on to...**

**www.parasdham.org, www.arham.org, www.looknlearn.in**

**₹ 20/-**